શ્રી ઉષધી નાટક

ગાયનો તથા ગરબીઓ સમેત

આની પ્રસિદ્ધ કરનાર,

ભવાનીશંકર અંબાશંકર ત્રિવેદી.

આવૃત્તિ પહેલી　　　　પ્રત ૬૦૦

સંવત ૧૯૪૨

કીંમત ૦—૬—૦.

[illegible] પ્રેસમાં હરિભાઈ વાલજી ઠકરે છાપ્યું—કરાચી.

શ્રી ઉર્વશી નાટક

ભાષણ તથા ગાયનો સમેત.

રચી પ્રસિદ્ધ કરનાર

ભવાનીશંકર અંબાશંકર ત્રીવેદી

પ્રત ૬૦૦. આવૃત્તિ ૧લી.

સંવત ૧૯૭૧

કીંમત ૦-૧૨-૦

હિતેચ્છુ પ્રેસમાં હરિલાલ વાલજી ઠાકરે છાપ્યું,—કરાચી.



श्री गणेशाय नमः

मूकं करोति वाचालं पंगुं लंघयते गिरिम्

यत्कृपा तमहं वंदे परमानंद माधवम्.

અર્પણ પત્રિકા.

મને માત્ર નિમિત્ત કરી જે અંતર્યામી સત્તાએ આ ગ્રંથમાં રહેલા રહસ્યને મારા હૃદયમાંથી પ્રકાશિત કર્યું છે તે અંતર્યામી સત્તાના તેજ કમને તે કૃપાળુનાજ પવિત્ર કર કમળમાં તેનો સારી રીતે ઉદ્ધાર કરવા સવિનય સપ્રેમ અર્પણ કરૂં છું.

લી. ચરણરજ સેવક

ભવાનીશંકર અંબાશંકર ત્રિવેદી.

પ્રસ્તાવના.

ચાલુ જમાનામાં જન સમુદાયનો નાટકોને પ્રત્યક્ષ ભજવાતાં જોવાનો શોખ ઘણોજ વધતો જતો જોવામાં આવે છે ત્યારે દેશકાળને અનુસરી મનુષ્યોને વિશેષે કરીને સદ્જ્ઞાન પ્રાપ્ત કરવા સંત સોબત ને સત શાસ્ત્રના સેવનનો શોખ વ્યવસાયને લઇ દિવસે દિવસે ઘટતો જતો હોય તેમ જણાય છે. ને તેનો સંસર્ગ જતાં ઘણાં ખરાં મનુષ્યોની બુદ્ધિ દિવસે દિવસે અધમતાને પણ પ્રાપ્ત થતી જાય છે એટલું તો ચોક્કસ છે કે સત વસ્તુ સ્વભાવીક દરેક જણને પ્રિય હોય છે પરંતુ તેના અભાવને લઇ પ્રથમ હૃદયમાં અભાવનો આવેશ જણાય છે પરંતુ પાછળથી સોબત મળતાં તેમાં તેનું ચિત્ત બરોબર દ્રઢ રીતે ચોંટવા લાગે છે ને તેથી આ મનુષ્યોની સમક્ષ નાટકોના ઉત્તમ લેખો જો ભજવાતા થાય તો તેમના હૃદય પર જ્ઞાનની ઉત્તમ છાપ પડી શકે. માત્ર હાસ્યને શ્રૃંગાર રસ મુકી કેવળ મનુષ્યને રજોગુણ તરફ દોરવા કરતાં તેની સાથે કંઇક સદ્જ્ઞાનની ચાસુક હોય તો તેથી મનુષ્ય જીવન ઉચ્ચ ગ્રાહી થાય તેમાં કંઇ નવાઇ નથી ને આજ રીત પ્રાચીન મહર્ષિઓએ પણ સ્વીકારેલીછે. મહાત્મા વ્યાસ ભગ-

જાને પણ કળીયુગમાં મનુષ્યો કેવળ રજોગુણ તથા તમોગુણ માંજ રમતાં રહેશે ને તેથી સત્વગુણ વગર તેઓ વેદના રહસ્ય ને જાણવાની લેશ પણ ઇચ્છા નહિ કરે એમ ધારી શ્રીમદ ભાગવત તથા મહાભારતાદિ રચી તેમાં મહાનપુરૂષોનાં જીવન ચરિત્ર આળેખી સાથે વેદના રહસ્યનો નોત્તમ રસ ગોઠવી અનધિકારીને પણ અધિકારી બનાવવા પ્રયત્ન કર્યો છે તેમ શ્રૃંગારને હાસ્ય રસમાં ચકચુર મનુષ્યોની સમક્ષ તે બંને રસો સહિત જ્ઞાનનું ઉંચુ રહસ્ય પણ અમુક અમુક જગ્યોએ ગોઠવી ભજવાય તો પ્રેક્ષકોના હૃદયને ઉચ્ચ સ્થિતિ માં લાવી મુકે તે નિઃસંદેહ છે અને તેમ થવાથી નાટકકારો લેખકો તેમજ પ્રેક્ષકવર્ગનું આ લોક તથા પરલોક સંબંધી નું ઘણુંજ હિત સાધી શકાય છે. એટલે કે તેથી સ્વાર્થ ને પરમાર્થ ઉભય સિદ્ધ થઇ બંને લોકમાં કીર્તિ મળે છે.

વેદના ત્રણ કાંડ છે કર્મ, ઉપાસના ને જ્ઞાન. આ ત્રણેમાં ઉપાસના કે જેનું અંગ કેટલેક અંશે ભક્તિ છે તેના નાટકો ભક્ત લોકોના જીવન ચરિત્ર રૂપે ભજવાય છે, પરંતુ બાકીના બે કર્મ ને જ્ઞાન એ બંનેનું રહસ્ય ચર્ચાતું નથી કેમકે તે બંને દેખીતા તદ્દન લુખા હોય તેમ લાગે છે. તો પણ તે બંનેને શ્રૃંગારાદિ રસમાં ઓત પ્રોત કરવામાં આવે તો જનસમુદાયને પણ રૂચીકર થઇ પડે તે વાત નિઃસંદેહ છે,

કેમકે જેનાં તંત્રમાં કરોડો બ્રહ્માંડો રમી રહ્યાં છે, વળી જે જ્ઞાનનું પ્રથમ પગથીયું છે એવો જે કર્મયોગ તેનું તો જ્ઞાન અવશ્ય આપવું જોઇયે એમ ધારી મેં તેને જન સમુદાયનેરૂચી ઉપજાવે તેવી રીતે એટલે કેવળ હાસ્યરસાત્મક રૂપે તૈયાર કરી તે સહિત ભક્તિ ને જ્ઞાન તેમજ શ્રંગાર હાસ્ય કરૂણા ને વીર આદિ રસો, યોગીની શકિતઓ શ્રાદ્ધ ને યજ્ઞાદિ નો મહીમા સનિચરિત્ર, પ્રેત શું શું કાર્ય કરે છે, તે સાથે ચાલુ જમાનાને અનુકુળ પડે માટે એક સ્રીચરિત્રનો અદભુત નમુનાનો સમાવેશ કરી ભાષણ સહિત તેને તૈયાર કર્યા પછી ગયા સપ્ટેંબર માસમાં શ્રી ડાંગવ ઉર્વશી નામથી ઓપેરારૂપે બહાર પાડેલ, જે વાંચતાં કેટલાક સજ્જનો તરફથી તેને ભાષણ સહિત છપાવવા સુચના થતાં તેજ હાલમાં શ્રી ઉર્વશી નામથી છપાવી પ્રસિદ્ધ કરી સજ્જનો ના કર કમળમાં મુકવા ભાગ્યશાળી થયો છું. જે વાંચી અધિકારાનુસાર વાચકવૃંદ તત્વ લઇ સંતોષ પામશે.

આ ગ્રંથના પ્રથમ અંકના પ્રથમ પ્રવેશમાં શ્રીમદભાગવત માં ચર્ચાએલ રાસ પંચાધ્યાયના સારનું વર્ણન થયેલું છે. ત્રીજા પ્રવેશમાં યોગી લોકોની શક્તિ તથા બ્રહ્મનાદનું વર્ણન કરેલું છે. કેમકે જે યોગ વડે કરી પરબ્રહ્મમાં એકતાર બની

જેમ આકાશવાણી એ અશરીરી વાણી ગણાયછે તેમ ઇંદ્રીયોની
મદદ વગર પણ યોગી લોકો વ્યવહાર કરી શકે છે તેમ
જણાવેલું છે. પાંચમા પ્રવેશમાં શ્રીમદ ભગવદગીતા માર્કંડેય
તથા શ્રીમદ ભાગવત્ પુરાણના રહસ્યનો સમાવેશ કરી દેવતા
ઓનો સંવાદ રચેલો છે. જે ઉપરથી યજ્ઞાદિક નિત્ય
કર્મ કેટલાં આવશ્યક છે ને તે આજ કાલ કેવળ લય પામ્યાં
જેવાં થઇ ગયાં હોવાથી એટલે કે વર્ણાશ્રમ ધર્મ કેવળ
છિન્ન ભિન્ન થઇ ગયો હોવાથી દુનીયાની કેટલી બધી પાય-
માલી પ્રત્યક્ષ દેખાય છે જે થતી અટકાવવા સજ્જનોએ
પ્રયત્ન કરવો જોઇએ તેમ સુચન થએલ છે. બીજા અંકના
ચોથા પ્રવેશમાં શકિતને ઇશ્વરના પ્રભાવનું વર્ણન છે સાતમા
પ્રવેશમાં બ્રાહ્મણને પ્રેતનો સંવાદ એ સ્કંદ પુરાણમાં પ્રભા-
સ ખંડના મહાત્મ્યમાં ચર્ચાએલ શ્રી ગૌતમ રૂષિ તથા
પ્રેતોના સંવાદનો સાર છે. દશમા પ્રવેશમાં ઇશ્વરની અગાધ
શકિત કે જેને દેવતાઇ મહાન સત્તાઓ કેટલી બધી વશ
વર્તે છે તેના વર્ણન સાથે ભકતોના અનુપમ પ્રેમનું વર્ણન
કરેલું છે. ત્રીજા અંકના પહેલા પ્રવેશમાં પરસ્ત્રી તથા પરપુ-
રૂષના જાર કર્મનું કેવું વીપરીત ફળ આવે છે તેનું વર્ણન
છે. બીજા પ્રવેશમાં શ્રીકૃષ્ણની માનુષી ચેષ્ટા વિદ્વાનોને પણ
મોહ પમાડે તેવી છે તેનું વર્ણન છે ત્રીજા પ્રવેશમાં વટ

સાવીત્રી વૃતના પ્રભાવનું તેમજ જાણતાં અજાણતાં પણ કે-રેલ સત્કર્મ વ્યર્થ જતું નથી તેમ તેના આચરવાથી છેક પામરપણામાંથી જીવનો કેટલો મોટો ઉદ્ધાર થાય છે તેનું વર્ણન છે. ચોથા પ્રવેશમાં ઇશ્વર કેવળ પ્રેમને વશ છે પરંતુ ઉપરનાં ડોળ ડમાકથી રાજી થતા નથી તેની સાબીતી આપનાર મહાત્મા ભીમસેનની ભક્તિનું વર્ણન છે. પાંચમા પ્રવેશમાં શ્રાદ્ધ કર્મનો અસાધારણ પ્રભાવને ભવચક્રિક કેવી રીતનીછે ને તેમાં ભટકતા જીવોનો અનુક્રમે કેવીરીતે ઉદ્ધાર થાયછે તેમ કર્મ કેટલાં આવસ્યક છે તે જણાવેલું છે. છેલ્લા પ્રવેશમાં ઇશ્વરી ગહનગતિનો પ્રત્યક્ષ પ્રભાવ બતાવી ઉર્વશીના ઉદ્ધાર સાથે ખેલ સમાપ્ત થાય છે. એ સિવાય બીજાં પરચુરણ રહસ્યો પણ ઘણાંજ છે જે ચર્ચતાં પ્રસ્તાવના વધી પડે માટે આટલાથીજ સમાપ્ત કરૂં છું.

હું કાંઇ મોટો કવિ, લેખક, કે વિદ્વાન નથી માત્ર બાલ્યાવસ્થાથીજ ઇશ્વર કૃપાએ જે શાસ્ત્રોનો અભ્યાસ તથા મનન કરેલુ છે તેનુંજ આ ફળ છે. આ ઉપરાંત જન સમુહના ખરેખરા બંધુ તરીકે ફરજ બજાવવામાં મેં થોડા વર્ષ ઉપર સંસાર સાગર નૌકા ભાગ ૧લો ને બીજો તઈયાર કર્યા છે તે ઇશ્વર કૃપાથી તે પરમાત્મ સત્તાનીજ ઇચ્છા વડે સમય

તેમજ દ્રવ્યની અનુકુળતા થશે તેમ તેમ સુધારો વધારો કરી જન સમુદાય સમક્ષ મુકવા ભાગ્યશાળી થઈશ, અને તેમ થાઓ તેવું હું ઇશ્વર પાસે માગું છું. આ લેખમાં કાંઇ પણ ખામી જણાય તે બાબત વાંચક વૃંદ દર ગુજર કરશે, કેમકે મેં પ્રથમથીજ કહેલું છે કે હું મોટો વિદ્વાન કે લેખક નથી, પરંતુ મારી બુદ્ધિ અનુસાર જે કંઇ લખ્યું છે તેથી જન મંડળ સંતોષ પામશે એવી મારી આશા છે. એજ વિનંતિ.

લી. પ્રાણીમાત્રમાં બંધુ ભાવ ઇચ્છતો
સેવક
ભવાનીશંકર અંબાશંકર ત્રીવેદી.

કરાંચી તા. ૨૦-૧-૧૫

શ્રી ઉર્વશી નાટકનાં મુખ્ય પાત્રો

પુરૂષ પાત્ર

શ્રી કૃષ્ણ—શ્રી વિષ્ણુ પ્રભુના અવતાર

બલભદ્ર—શેષ નાગનો અવતાર શ્રી કૃષ્ણના મોટા ભાઈ

દુર્વાસા—શ્રી શંકરના અંશાવતાર મહાત્મા અત્રી ઋષિના પુત્ર

નારદજી—પ્રખ્યાત દેવર્ષિ

દેવતાઓ—ઇંદ્ર, અગ્નિ, યમ, બ્રહસ્પતિ, કાલજ્વર, કોલેરા, પ્લેગ
વિગેરે

પાંડવો—ધર્મ, ભીમ, અર્જુન, નીકુલ, સહદેવ.

ડાંગવ—દક્ષીણ દેશનો રાજા

દુર્યોધન—અહંકારી હસ્તીનાપુરનો રાજા

અભિમન્યુ—અર્જુનનો પુત્ર

પ્રદ્યુમન—શ્રી કૃષ્ણનો પુત્ર

વીરદત્ત—ડાંગવ નગરનો વેપારી

પ્રેમદત્ત—વીરદત્તનો પુત્ર

નફ્ફટ—ગામનો રખડુ નશીનો પ્રેમી

જનદેવ—શુભ સંસ્કારી પ્રેત.

બ્રાહ્મણો, રબારી, યમદુત વિગેરે.

સ્ત્રી પાત્ર

—:૦:—

ઉર્વશી મેનકા રંભા વિપ્રચિત્તિ	દેવ લોકની અપ્સરાઓ

શચી—ઇંદ્રાણી

સુભદ્રા—અર્જુનની સ્ત્રી અભિમન્યુની માતા અને શ્રી કૃષ્ણની બહેન

નવી જુની	પ્રેમદત્તની સ્ત્રીઓ

ઉપરાંત દાસી વર્ગ પાડોશણો વિગેરે



શ્રી ઉર્વશી નાટક.

અંક પહેલો.

ગાયન ૧લું.

મંગળાચરણ.

સુત્રધાર અને બાળાઓ.—

સચ્ચિત્ ઘન સુખ ધામ
ભક્ત તણો એ વિશ્રામ—સચ્ચિત્૦
સ્નેહથી સેવીએ, આનંદ દેવી એ
પામીએ પરમાનંદનો ઠામ—સચ્ચિત્૦
એ નહીં નર કે નારી નપુંસક
છે સત્ય એહ ભક્તોનો ઉદ્ધારક
પ્રેમથી ભજી, માયાને ત્યજી, ભક્તિને સજી
અવિચળ બ્રહ્મરૂપ થઇયે—સચ્ચિત્૦

નટી— પ્યારા પ્રાણનાથ! આજે આપે પ્રેક્ષકોને પરમાનંદ આપે તેવો કયો પ્રયોગ ભજવવા ધાર્યો છે, તે આ દીન દાસીને કૃપા કરી જણાવશો?

સુત્રધાર— શા માટે નહિ? પ્રાણ પ્રિયે! સાંભળ! સ્વર્ગનું પરમ સ્ત્રી રત્ન ઉર્વશી તેને મહાત્મા દુર્વાસાનો શ્રાપ થતાં દક્ષિણ દેશના વનમાં ઘોડી સ્વરૂપને પામી હતી. તેના દુઃખમય પ્રસંગ દ્વારા પ્રભુ શ્રીકૃષ્ણ કે જેણે પ્યારા ભક્ત પાંડવો સાથે ઉર્વશીના મોક્ષ માટે યુદ્ધ કરી સાડા ત્રણ વજ્રો એકઠાં કરી ઉર્વશીનો ઉદ્ધાર કીધો હતો, તે પ્રસંગદ્વારા પાંડવો સાથેની કંઇક સખ્ય ભક્તિનું ચિત્ર તેમજ કળીયુગમાં મનુષ્યો નાના પ્રકારની આધિ વ્યાધી ને ઉપાધીથી શા માટે દબાએલાં રહે છે તે, બ્રહ્મ તેજનો પ્રતાપ, સતી મહાત્મ્ય તેમજ શ્રાદ્ધાદીક ક્રિયા કરવાથી ને ન કરવાથી શાં શાં ફળો ઉત્પન્ન થાય છે, વિગેરે જન સમુદાયને જે જે શિક્ષણ લેવાનું છે તેનો પ્રયોગ પ્રજા સન્મુખ મુકવા ધારૂં છું.

નટી— અહા નાથ! તમોએ તો બહુજ સારા વિષયોથી ગુંથેલો પ્રયોગ ભજવવા ધાર્યો છે. તેમાં પણ પાંડવોની સખ્ય ભક્તિનું ધ્યાન પણ આપશો?

સુત્રધાર— હા! આ ઉપરથી ભક્તિ કેટલા પ્રકારની છે તે જાણવાની તને શંકા ઉદ્દભવી હશે. નહિ વારૂ?

નટી— નહિ નાથ! આપની કૃપાથી તે હું સારી રીતે જાણું છું.

સુત્રધાર— તે તું જાણે છે તો જન સમુદાયને પણ તે હિત કર હોઇ તેના નવ પ્રકારનું વર્ણન કરી બતાવ.

ગાયન ૨જું.

નટી ને બાળાઓ—

ભક્તિની કુલ છે નવ રીતિ
ભક્તો જાણે તેને અથઇતી....ભક્તિની૦
સખ્ય, વૈર, દાસ્ય ભાવ, શ્રવણુમાં પ્રીતિ
કીર્તન અર્ચન દાસ્ય ભાવની નીતિ....ભક્તિની૦
સમતા શ્રૃંગારે સહુ સૃષ્ટિને જીતિ
ભકતની ટળે ભવ ચક્કિની ભીતિ....ભક્તિની૦
ધન્ય ધન્ય એ જીવ જગમાં કહેવાયે
અમર કીર્તિ ગુણીજન નીત્ય ગાયે....
છવાય, છવાય, છવાય, પરમાનંદ છવાય
જમાય, જમાય, જમાય, બ્રહ્માનંદ જમાય....ધન્ય

સુત્રધાર— વાહ પ્રિયે! ઘણીજ સરસ રીતે તેં જન સમુહને નવધા ભક્તિના પ્રકારો ગણી બતાવ્યા. હવે પ્રેક્ષક વર્ગ આપણા પ્રયોગને જોવા તલસી રહયો છે માટે ચાલ સર્વ તઇયારી કરીએ.

પ્રવેશ ૧લો.

સ્થળ દેવલોકનું નંદન વન

કલ્પ વૃક્ષ ને રાસમંડળનો દેખાવ.

પાત્રો— ઉર્વશી, મેનકા, રંભા વિગેરે અપ્સરાઓ.—

ગાયન ૩ જું.

સર્વે—

સખી સહુ ચાલોને નંદન વનમાં રમવાને
નંદન વનમાં રમવાને પરમાનંદમાં શમવાને....સખી૦
વસંતની આ બહાર ખીલી ચાલો નહિં તમે ઢીલી ઢીલી
વનમાં જઇને રમશું રાસ સુખે કરીશું આનંદ વિલાસ....સખી
સુણાય ભ્રમરનાદ જાણે કામના સંવાદ
મતિ વિકળ કીધીરે હાં.
પ્રેમની ઘેલી, બની નવેલી, નંદન વન વિચરીયે
મધુરૂં મધુરૂં ગાન કરીને આનંદમાં સહુ ઠરીયે....સખી૦

ઉર્વશી— વ્હાલી બેનો ! આ વૃક્ષલત્તાઓ જાણે દંપતી કેલી કરતી વખતે જેટલા આનંદમાં કલ્લોલ કરી રહે છે તેટલાજ આનંદમાં આવી કલ્લોલ કરતી હોય તેમ દેખાય છે નહિ વારૂ !

મેનકા— વાહરે સખી ! અહીં સરખે સરખી સાહેલીઓ વચ્ચે પણ તને અનંગ અનંગ ને અનંગનુંજ ભાન થાય છે. વાહરે પ્રેમ ઘેલી સખી.

અનંગ અનંગ શું ઉચ્ચારે, પામી પુરૂરવાના પ્યારે
ઇંદ્ર મહારાજા વશ છે તારે, તો પણ અનંગ અનંગ ઉચ્ચારે.

રંભા—

એમાં નવાઇ શાની બ્હેન, અનંગ ભકતને નોહે ચ્હેન
ભલે મળે બહુ પતિની જોડ, તોપણ મનમાં પુરી હોડ.

તિલોત્તમા—

ચિત્ત હરણી ચોરે છે ચિત્ત, દેવો ગાયે એનાં ગીત.
રાત દિવસ એ કેલી રમે, તો પણ અનંગ રોગ નવ સમે.

ઉર્વશી—

લાડકડી બ્હેનો શું બોલો, ચિંતા તમને થી મારી
તમે તમારૂં ઢાંક્યું રાખો, ઘણા જણાની થઇ પ્યારી.

સર્વે— બ્હેન ! તમોને કંઇ ખોટું લાગ્યું હોયતો માફ કરજો.

ઉર્વશી— એમાં માઠું લાગવાનું કંઇ પણ કારણ નથી] બસ હવે તે વાત બાજુ પર મુકો. (જરા વાર રહી) અહા બ્હેનો ! નંદન વનની આ રાત્રીની શોભા કેવી સરસ દેખાય છે ?

રંભા— ગમે તેમ પણ આ સ્વર્ગ ને તેમાં રહેલું વન. તેની શોભાની તે વાતજ શી કરવી !

મેનકા— મહા પુણ્યના યોગેજ આ લોકની પ્રાપ્તિ છે એમ શાસ્ત્રો કહે છે તો પછી આવા દિવ્ય લોકના વનની શોભાની વાત ન્યારી કેમ ન હોય ?

ઉર્વશી—કહો બ્હેનો ! અત્યારે આપણે કોના યશ ગાશું ? સર્વો-તમ યશ ક્યા દેવનો છે ?

મેનકા—ભુલી ગઇ શું શરદ રજની, વૃંદાવનમાં જે મચી.
યોગેશ્વરેશ્વર કૃષ્ણ પ્રભુએ, રાસ લીલા જ્યાં રચી.
પ્રેમની પ્રતિમાએ ગોપી, કૃષ્ણ મય સૌ થઇ રહી.
વળી થઇ તન્મય આપણે, મુજ વૃત્તિ ગાવા તે થઇ.

રંભા—હા હા નારી, એ વાત સારી, કામણગારો કૃષ્ણ મુરારી,
ભકત તણો એ ભવ ભય હારી, રાસલીલા સંભારી સારી.

ગાયન ૪થું

સર્વ અપ્સરાઓ—

પ્યારો એ રાસ ગાવો પ્યારો એ રાસ ગાવો
ખુશીથી લ્યોને લ્હાવો પ્યારો એ રાસ ગાવો.

ઉર્વશી—ધન્ય મતિ સુઝી તને વ્હાલી મેનકા બેન,
અવસર સુંદર આજનો મતિ થઇ શુભ દેન.

મેનકા—થઇયે સહુ તત્પર અહિં મંડળ બનાવી માનુની
આ કલ્પ વૃક્ષ પુંઠળ ફરીયે ધુન લગાવી ગાનની
સરખા સરખી જોડી આપણુ જેમ વૃજની નારીયો
આજ રમીએ રાસ વિલાસ છઇયે પ્રેમને પીનારીયો

સર્વ—પ્યારો એ રાસ ગાવો પ્યારો એ રાસ ગાવો
ખુશીથી હૈયોને વ્હાવો પ્યારો એ રાસ ગાવો

(કલ્પ વૃક્ષના થડ પાસે ઉભી રહી ઉર્વશી વાંસળી વગાડે છે, ને બીજી ગોળ કુંડાળામાં આસ પાસ રહી એક હાથમાં વાંસળી ને બીજા હાથમાં ગેડી ચડી તાલ દેતી મુરલી બજાવની બશીતાર ફરે છે. પછી તે બંધ કરી)

ઉર્વશી—ચાલો બ્હેનો ! હવે છડી તથા વાંસળી મુકી દો ચાલો હવે એક રાસડો ગાઇયે

ગાયન ૫મું

સર્વે—

રૂડી શરદની રાતમાંરે બંસી, વાગી, વૃંદાવનમાં
ભાન ભુલી વૃજનારીઓ સઘળી, વૃતિ પ્રભુમાં સૌની જઇ ભળી
વ્હાલા વિભુમાં અઢળક ઢળીરે—બંસી, વાગી, વૃંદાવનમાં....રૂડી
પતિ પુત્ર તરછોડીયાં તરછોડયાં નીજ બાળ
મળવા માધવ પરવરી વન સુખકર શોભાળ
પ્રભુ મુર્તિ દેખી રસીક ભાનનીરે, સન્મુખ ઉભી,
જોડી, પાણી—રૂ.

પ્રેમ પરીક્ષા કારણે વચન વદ્યા મોરાર
મોડી રાતે આવી કેમ, નહી તમો સતી નાર
જાઓ પાછી નીજ નીજ ગૃહભણી સર્વે સુંદરીરે
પર પુરૂષ શું કરવી પ્રીત, એ નહી તમોને ઉચીત—જાઓ
એ....ધર્મ મર્યાદા શાને તજો પ્રેમે પતિને ભજો
તો તો ઉભય લોકે સુખ પામશોરે લોલ
ભવ દુખ સઘળાં વામશોરે લોલ—રૂડી.
સ્તબ્ધ થઇ સૌ સુંદરી સુણતાં વચન કરાળ
વળતી વાણી ઉચ્ચરી પ્રત્યે દીનદયાળ
તમો વિશ્વતણા છો આત્મા તમથી કો જુદું નહીરે
ધર્મ તમને મળવા માટ મળીયા તમો સહીરે
ધર્મ હવે અમો શાને ધારીએ મારા વાલમા
મન તમમાં થયું લીન બંધન ક્યાંથી રહ્યું વાલમા
સુણી વાણી પ્રભુ પ્રેમથીરે
રમાડીયો રાસ રીઝી સુંદરી સહુ વાલમા—રૂડી૦

ઉર્વશી—કેમ બ્હેનો આપણને રાસલીલા ગાવાથી ઘણોજ આનંદ થયો નહિ વારૂ ?

ધનરે ધન વૃંદાવન, ગાયો ચારી જુગજીવન.
સર્વ જગતનો એ ભગવન્, દામોદર પ્રભુ સચ્ચિત ઘન

સર્વ—કૃષ્ણ પ્રભુ અમારા વિભુ ભજીયે ગુણ ગાઇએ એવું નિત્ય માગીએ———
[સર્વે જાય છે

પ્રવેશ બીજો.

સ્થળ—બજારનો પડદો (ડાંગવ નગ્રની બજાર)

પાત્રો— પ્રેમદત્ત, નફ્ફટ, પાછળથી નવી

પ્રેમદત્ત—(સ્વગત)– અરે રે હવે તો મારા પુરા ભોગ મળ્યા. મારા પિતાને ક્યાંથી કમતડી ધાઇ કે મને બે બૈરી પરણાવી હાય ! હાય ! હવે હું તેમનાથી થાકયો. બેઉ મળી મને ગાળો ભાડે છે ને વખતે માર પણ મારે છે તે મારાથી શે ખમાય ?

નફ્ફટ—(સ્વગત)–મારો બેટો કેવો રડે છે? વાહ વાહ ! નવલી તારી તો સ્વામી સેવા અનહદ છે. બિચારા પ્રેમદત્તને મારી મારી અધમુઓ બનાવે છે. જુની તો પ્રથમ કંઇક ઠીક હતી તેને પણ બગાડી બિચારાનો ભવ બગાડયો. (જરાવાર રહી) – હા પણ હું ભુલું છું જો નવી તેના પ્રેમમાં પડે તો સાથે મારો ભવ પણ બગડી જાય. માટે જે થાય તે ઠીકજ છે. (પ્રેમદત્ત પાસે જઇ) કેમ પ્રેમલા ! ! શું વિચારમાં પડયો છે ? મને તો લાગે છે કે તું રડે છે. શું ઘરમાં કંઇ નવા જુની થઇ હતી કે?

પ્રેમદત્ત—(સ્વગત)–હાય ! હાય ! વળી આ કાગડો અહીં ક્યાંથી આવ્યો ? જો તે જાણશે કે મને બાઇડીઓએ સાર્યો છે તો મારી ફજેતી થશે. (તેથી મોં ડાવકું રાખી) નફ્ફટભાઇ ! ઘરની લડાઇ તો કંઇજ ન હતી પણ પેલા જુઠા ખત્રીને ત્યાં ઉઘરાણી ગયો હતો તે રાંડનો કેટલા વખત થયાં પઇસા આપતો નથી તેથી આજે તેની સાથે ઝગડો કરી આવ્યો છું. જેનાં રોદડાં ગાઉ છું.

નફ્ફટ—હા ! એ તો મને પક્કી ખાત્રી છે કે ઘરમાં પ્રેમબાઈની ઉ-
ધરાથી માટે સ્ત્રીઓ સાથે લડાઇ થઇ હતી પરંતુ જાણુ કે જે
પ્રેમ સ્ત્રીઓમાં તારા માટે નથી તે તને ક્યાથી મળે ?

પ્રેમદત્ત—અરે ભાઇ, તને તો રોજ તેજ વાત સાંભરે છે. શું હું ખોટું
બોલું છું ?

નફ્ફટ— હા ! સતર વાર ખોટું. હમણાંજ હું તારા મુખથી રોદડાં
સાંભળતો હતો.

એ બૈરીના વર ભાઇ એ બૈરીના વર,
નિત્ય ઘરમાં લડાઇ ઘાલી ભેજું કીધું ખર...ભાઇ
નવીને ભાવે સોપારી; જુનીને ભાવે પાન,
પાન ખાનના તાકડા ક્યાંથી ધણી બન્યો હેવાન...ભાઇ
એકને ભાવે બંટી; બીજીને ભાવે જાર,
ભાવો ભાવો બંને ખેંચે કરતી મારા માર...ભાઇ
એકને જોઇએ ગજીયો, બીજીને ગમે છીંટ
લડાઇ કરીને ધણીને માર્યો જાયે નાકે લીંટ—ભાઇ
એકને ભાવે બરફી, બીજીને ભાવે ખાજા;
ખાજાં બાજાં ક્યાંથી લાવે, ભાગી ગયાં હાજાં—ભાઇ
વર્ણન કરતાં વાણી થાકે, જાયે દીનને રાત;
ટુંકામાં સુણુ પ્રેમદત્તભાઇ, કહે બૈરીને માત.—ભાઇ

માટે ભાઇ, બાઇડીયોને બે હાથ જોડી મા કહી ઘરમાંથી
કાઢી મુક, એજ તારા માટે સાથી સરસ ઉપાય છે તે સીવાય
બીજો એકે ઉપાય નથી.

પ્રેમદત્ત— (સ્વગત) રાંડને મારું સઘળું પોકળ જાણી ગયો હોય તેમ જણાય છે. અરરર મારી કેટલી બધી બવાઈ ગાઈ! (નટ્ટને) ભાઈ નટ્ટ, તું કહે છે તે ખરું છે, પરંતુ જે થયું તે ખરું. ભાગ નશીબમાં જે કંઈ સુખ દુઃખ લખ્યું હશે તે થશે. (સ્વગત) ચાલ આ પાપ પાસેથી પલાયન કરી જાઉં. રખેને કોઈ આવશે ને જો તે તેમને કહેશે તો વળી મારી વિશેષ ફજેતી થશે. [જાય છે.

નટ્ટ— બંદાના પાસા પોબાર! વાહ પ્રેમદત્તભાઈ દીવાના, બંદા તારાથી ન બીવાના, તું થયો મુવાલી તો બંદે રાખી તારી બઠરી દીવાલી. તારામાં મીઠાની રહી તાણ તો તારી નવી માને મને પ્રાણ. (તેટલામાં દુરથી નવીને આવતી જોઈ) અહાહા!! આતો સંભારતાંજ મારી નવલી વહુ ઝબકયાં. એ પેલી સામેથી ચાલી આવે. (એકદમ પ્રેમના આવેશમાં.)

ગાયન ૧ લું

નટ્ટ—

આવી આવી આવી મારી મનહર રમણી આ આવી
પ્રેમની ઘેલી, એ અલબેલી, દીધો એણે રંગ રેલી—આ.
યુવતી ધર્મ ખરેખર પાળ્યો પ્રેમીને રસબસ કીધો
પ્રેમ ધરીને ઉલટ આણી પ્રેમ તણો પ્યાલો પીધો—આ.

નવી—પ્યારા તમારાં વેણો મેં સાંભળ્યાં
એમાં શું મેં અધિક કીધું મન હરનારા ઓ પ્યારા

૫૩૬૩

છેલ છબીલા તમારી લીલા જોઇ ગાત્ર થાયે ઢીલાં
પ્રેમદત્તમાં સાર ન દીઠો કામ ક્રીડા નવ જાણુ કાંઇ
સમજી રસીયા તુજમાં રીઝી તમે ચંપો ને હું છું જાઇ—આ.

નફ્ફટ— કેમ પ્યારી, હમણાંજ તારો નામનો પતિ અહીં તારા નામનાં રોદડાં ગાતો હતો. વાહ તારી સ્વામી સેવા તો અનહદ છે અને તેવીજ તેની સેવા તું કરે તે મને પ્રીય છે.

નવી— હા હા પ્રાણનાથ !

કહેવાની હું તેની નારી, ખરે ખરા તમે છો નાથ;
નિત્યે પ્રીત્યે નમું તમ પાયે. જોડી જોડી જુગલ હાથ

નફ્ફટ—(સ્વગત) બંદાના પાસા પોબાર ! પ્રેમદત્ત દીવાના, બંદાના પાસા પોબાર ! (નવીને) વાહ રમણી! મને તારા વીના ચ્હેન પડતું નથી. સારૂં થયું કે તું મને અત્યારે મળી.

નવી— પ્યારા મને પણ તેમજ છે. તમારા વિના મને પણ જરા વાર ચ્હેન પડતું નથી. રડયા પ્રેમદત્તને હું જરાય પણ ચાહતી નથી, પરંતુ શું કરૂં? લોક લાજ આરાથી છોડી શકાતી નથી. માટે તમોને મળવામાં ઢીલ થાય છે તો પણ તક જોઇ નિત્ય આવું છું તેમ આવતી રહીશ. હવે ચાલો તે રડયાનો ઘર આવવાનો સમય થઇ જશે.

નફ્ફટ—પ્યારી ચાલો (સ્વગત) બંદાના પાસા પોબાર. પ્રેમદત્ત દીવાના, બંદાના પાસા પોબાર

પ્રવેશ ત્રીજો.

સ્થળ તપોવન (વનનો પડદો)

પાત્રો—દુર્વાસા (સમાધિમાં), પાછળથી પાંચ ઇંદ્રીયો, ત્યારબાદ નારદજી

ગાયન ૭મું.

ઇંદ્રીઓ—

ગતિ શી થશે રે, પ્રભુ અમારી
તપથી તપી રે, રોઇએ સંભારી—ગતિ
ઉરમાં દાવાનળ સળગે, સુખ સ્વપ્ન ક્યાંથી આવે
કેમ સમાવવી રે, વિપત્તિ ભારી
કોને જઇ કહેવી રે, વાતો મુરારી
તપ દુર્વાસા તપીયા, તપાવી અમોને
પ્રસન્ન દેખીએરે, ઋષિની વૃત્તિ
અમૃત પીયેરે, બ્રહ્મમાં સુતિ
અમો દુખી એ છે સુખી, હવે કેમ કરવું વ્હાલા
ગતિ શી થશેરે, પ્રભુ અમારી.

ચક્ષુ— બ્હેનો ! જ્યારથી મહાત્મા દુર્વાસા તપ કરવા બેઠા છે ત્યારથી આપણા હૃદયને શાન્તી મળતી નથી. તપ તો ઘણાએ તપ્યા પણ આનાથી તો અવધિ ! હવે તે તાપ મારાથી વધુ સમય સહી શકાય તેમ નથી માટે પ્રયાણ કરી જવા ઇચ્છા કરું છું. કેમ તમારો શું વિચાર છે ?

ત્વચેન્દ્રીય— બેન ઉતાવળ કરી સાહસીક ન બનવું એ મ્હારો વિચાર છે. કેમકે ઋષિ સમર્થ ને વળી ક્રોધી છે. માટે તેમની રજા લઇ જઇએ. કેનકે સાહસ કર્મ કરનારની તમામ અભિલાષાઓ મનમાં ને મનમાંજ રહી જાય છે. કોઇ એક સજ્જને કહ્યું છે કે

સાહસ કર્મ કર્યાં થકી, હોય હર્ષનો નાશ;
મનમાંની મનમાં રહે, નિષ્ફળ થાયે આશ.

જીહ્વેન્દ્રીય— ઋષિ તો સમાધિ લગાવી બેઠા છે તે કેમ જાગશે કે તું રજા લેવા ઇચ્છા ધરાવે છે?

નાશીકેંદ્રીય— ચાલો આપણે જરાવાર તેમની પાસે જઇ જાગ્રત થવાની રાહ જોઇએ.

સર્વે— ચાલો (પાસે જાય છે ને તેમને સમાધિમાં બેઠેલ જોઇ)

ચક્ષુ— બ્હેનો: આ ઋષિ કંઇ આજ ને આજ જાગ્રત થાય તેમ આશા રાખવી વ્યર્થ છે. માટે મારાથી તો આ દુખ ખમાય તેમ નથી. ને મને તમારા બોલવા પરથી તમારૂં ચિત્ત બરાબર તાપથી ક્ષોભ પામ્યું નહિ હોય તેમ હું માનું છું.

બીજી ચાર જણી— જેવી દશા તમારી, તેવી દશા અમારી,
માટે જઇએ સીધારી, નથી મુની ઘરબારી, માટે નથી પરવારી.
ચાલોને આપણે જઇએ, બીજે સ્થાનક જઇને રહીએ
જાગ્યા વીણ તેને શું કહીએ, મહા દુઃખથી શાને દહીએ,
ચાલો આપણે. ચાલો આપણે.
(પાંચે જવા માંડે છે તે જોઇ ધ્યાનથી જાગ્રત થઇ.)

દુર્વાસા— અહો ઇંદ્રિયો ! તમે ચાલી જશો નહિ ! જલદી મારી પાસે આવોઃ નિરાશ થશો નહિ. જલદી તમારા દુખનું કારણ કહો. જેથી તાત્કાળીક તેનો ઉપાય કરી તમોને સુખી કરૂં.

પાંચે— (સ્વગત) – એકે અવાજે ! અરે આશ્ચર્ય ! આતો આપણા વગર ચલાવી લે તેવા સમર્થ છે.

ચક્ષુ— હાજ તો, બ્રહ્મભૂત યોગી શું ના કરે !

બ્રહ્મ ભૂત યોગી ના કરે શું.? દુર્લભ શું ત્રીલોકમાં
ક્ષણમાહિ વિશ્વ ઉદે કરે. પામે તથા કરે ફોકમાં
પરમેશ સત્તા જેટલી તે સર્વ તેમાં વસી રહે
અદ્રૈત રૂપે એહ છે. સર્વ તેને પ્રભુ કહે.

કર્ણેન્દ્રીય—બ્હેન તારૂં કહેવું સત્ય છે. કેમકે આપણે તેમના શરીર માંથી નીકળી છતાં આપણી મદદ વગર વાત ચીત કીધીઃ વાહ પ્રભુ ! દુર્વાસાની અમોઘ શકિત—
(પાંચે આવી મહાત્મા દુર્વાસાને પ્રણામ કરી દુઃખ નીવેદન કરે છે.)

ગાયન ૮ મું

ઇંદ્રિયો—

અહો મુનીરાજ રજા આપો અમને
કૃપા કરીને સ્તવીયે પ્રભુ તમને (૨)
કદી સુખ દીઠું ન તમારી સંગે
જેથી વસીયે તમ પાસે ઉમંગે

સદા વ્રત પાળો ન ખાવાનું ભાન
ભુખ્યા રહો તમો દુખી ભગવાન
વર્ષા ને શીત તપે છોરે તાપ
નથી વ્યથા તમને અલૌકીક વાત
બ્રહ્મ સ્વરૂપી પ્રભુ બ્રહ્મમાં લીન
નથી કાંઇ વિશ્વ તમારાથી ભીન્ન
નથી કાંઇ કામ સદા રહો પૂર્ણ
બ્રહ્મભુત પ્રભો તેથી સંપૂર્ણ
કામ અમારૂં નથી પડવાનું
આજ્ઞા કરો નાથ અનુસરવાનું
તમો છો સુખી અમો દુખી તમ સંગે
રજા આપો આપો માગીયે ઉમંગે.

દુર્વાસા— અહો ઇંદ્રીયો ! શાંત થાઓ, અને કહો કે તમને શા સુખની ઇચ્છા છે. જે માગો તે આપવા તઇયાર છું. ઇંદ્રાસન માગો તો તે પણ આપીશ.

ઇંદ્રીયો— (સ્વગત)—અહાહા, અમોને એજ જોઇએ છીએ.
દુર્વાસા— બસ એજ કે ! ચાલો હું તેમ કરવા તૈયાર છું.
(ઇંદ્રીયો અદ્દશ્ય થાય છે)

ગાયન ૯મું.

દુર્વાસા

માયા, માયા, માયા શી અંતર્યામીની માયા
ઘણાં વરસથી તપ કરતો હું

બ્રહ્મમાં વૃત્તિ રાખી મોક્ષ લ્હાવો લઉં
આવી સતાવ્યો કારમો મુજને હરજી
સુણી લે :સેવક અરજી—માયા૦
કામ ક્રોધ મદ લોભ મોહથી, કદી ન હારૂં વળી દ્રોહથી
નવીન યુક્તિ રચીને, ભુલાવ્યો, તપથી અરે હાં, ડુલાવ્યો
રક્ષા કરજે રૂડી રીતથી—માયા૦

દુર્વાસા— અહા ! પરમાત્માની દુષ્કર માયાનો શો પ્રતાપ ! બ્રહ્મા દીક પણ જેથી મોહ પામી સ્વરૂપનું ભાન ભુલી જઇ દેહાભિમાની બની જાય છે. તે માયાને મારા પ્રણામ છે. ઇંદ્રીયોથી અજીત એવા મારા મનને પણ જેણે મથ્યું. અહા ! હજારો વર્ષ તપ કરતાં સમાધિમાં ચાલી ગયાં ત્યારે ધ્યાનથી જાગૃત થતાં શીથીલ થએલી ઇંદ્રીઓ તેમજ તપથી તાપ પામેલા મારા મનને સ્વર્ગમાં જઇ ઇંદ્રાસન પર બેસવા ઇચ્છા થઇ. અહા ! જેવી પરમાત્માની ઇચ્છા ! પ્રારબ્ધ વશાત્ યોગી લોકોને ઇચ્છા નહિ છતાં પણ ભોગો ભોગવવા પડે છે તેમ મારે પણ પ્રારબ્ધે ખેંચ્યા પ્રમાણે દેવલોકમાં જવુંજ પડશે. ચાલ જીવ જાઉં છું.— તેટલામાં નારદજી આવે છે.

નારદજી— નમું નમું ઋષિરાય, અતિ પ્રેમે લાગું પાય.
કહો ચિત્ત કહાં ધાય, પુછું ઉલટ ધરી.

દુર્વાસા— વન કરતો તો હું તપ, બ્રહ્મ સાથે મારો જપ.
આવી માયાની ત્યાં લપ, જાણી અમરાપુરી

નારદજી— માયા છે બહુ વિકારી, તેમાં ફસ્યો ઘણી વારી
નીકળવાની નહિ બારી, ચિંતા રાખજે જરી.

દુર્વાસા— જેવી ઇચ્છા વિશ્વાધાર, કોણ ધારણા કીરતાર
તેનો કોણ પામે પાર, પ્રીત્યે નમું હરિ.

નારદજી— માયાથી અભિમાન, સમય એક મુજને વ્યાપ્યું
વૈકુંઠ પહોંચ્યો છેક રમાપતિ મનમાં માપ્યું.
રજા માગી ચાલીયો, પ્રભુ માયા વિસ્તારી
કોટી કામ સ્વરૂપ, સ્વયંવર કન્યા સારી
વરવાનું મન મેં કર્યું, દેહ સરસ બનાવ્યો
વાનર મુખ કીધું હરી. સર્વ સમાજ હસાવ્યો.
હસાવ્યો સર્વ સમાજ. ધ્યાનથી જોયું ધારી
પ્રભુ આવી તે વાર પરણીયા તે તો નારી.
ક્રોધ ચડયો તવ મને, શ્રાપ આપ્યો બહુ ભારી
હરે નિશા ચર નાર, વાંદરા સહાય તમારી.
તવ માયા સહુ કરી પરી, નીચું મેં નીહાળ્યું;
નહિ નગર નહિ નાર, આખર મેં વીમાસીયું.

માટે મહારાજ! વીચારીને વર્તજો. હું પણ તે માયામાં ફસાયો હતો ને મારા શ્રાપને લઈ પ્રભુએ રામાવતાર ધારણ કીધો, ને સ્ત્રી વિયોગી બની સીતા સીતા બોલતાં વનમાં ભમ્યા. જ્યાં યુદ્ધમાં વાનરાઓએ સહાય કરી હતી.

દુર્વાસા— ખરૂં નારદજી હું પણ ચેતતો રહીશ પરંતુ પ્રભુ ઇચ્છા પ્રમાણે થશે તેમાં આપણું કાંઇ ચાલવાનું નથી.

બન્ને અન્યો અન્ય ભેટી જાય છે.

પ્રવેશ ચોથો.

સ્થળ બજારનો દેખાવ

પાત્રો— વીરદત્ત–પ્રેમદત્ત પાછળથી હરીદત્ત.

વીરદત્ત— અરે પુત્રને બે સ્રીઓ પરણાવી મે કેટલી મોટી ભુલ કરી છે તે મને દિવસે દિવસે વિશેષ સમજાતું જાય છે. અરે ઘરમાંથી કલેશ જતોજ નથી. જ્યાં ઘરમાં જાઉં છું ત્યાં રડા પીટજ દેખું છું. શું કરૂં, પુત્ર નમાલો એટલે પછી મારે તો મુંગે મોઢેજ સાંભળ્યા કરવું જોઇએ.

મુર્ખ જેહનો પુત્ર, પિતા સુખથી નવ સુવે,
મુર્ખ જેહનો પુત્ર, પિતા ખુણે જઇ રૂવે.
મુર્ખ જેહનો પુત્ર, પિતા અપયશનો ભાગી;
મુર્ખ જેહનો પુત્ર, પિતાએ નીદ્રા ત્યાગી.
સાથે મુર્ખ સ્રી જો મળી, બાકી દુઃખમાં શું રહ્યું;
અહીં તો બે કુભારજા, દુઃખ નવ જાયે સહ્યું.

ખરેખર હવે તો મારે કુવેજ પડવું પડશે. કેમકે આ દુઃખ હવે મારાથી વધુ વખત સહન થતું નથી. હાય? હવે હું શું કરૂં? તેમ મર્યાદાને લઇને પુત્રને સ્રીઓ સાથે સખ્ત રીતે

રહેવા મારાથી વધારે પડતું કહી શકાય નહિ. છતાં પણ મેં ઘણીજ વખત કઠોર રીતે તેને કહયું પણ તે ફોકટ (તેટલામાં હરિદત આવે છે.)

હરીદત્ત— કેમ વીરદતભાઇ, શા વિચારમાં પડયા છો ? તમારા ચ્હેરાપરથી તો જાણે તમે મહા દુઃખમાં આવી પડયા હો તેમ લાગે છે. માટે સત્વર તમારા દુઃખનું કારણ કહો જેથી તેને નીવારવાનો સત્વર ઉપાય થાય.

વીરદત્ત— [હરીદત્તને જરા દુર લઇ જઇ] ભાઇ આ મુર્ખ પુત્ર ને તેની બે રાંડ સ્ત્રીઓનાં કુટણાથી તો તમો સારી રીતે વાકેફ છો માટે તે બાબત તમોને વિશેષ કહેવાની જરૂર નથી. માત્ર તમો તે મુર્ખને સમજાવો કે તે જરા કડક રીતે સ્ત્રીઓ સાથે વર્તે. નહિં તો ઘરની ફજેતી થવામાં કયારા નહિ રહે.

હરિદત— ભાઇ ! તમારૂં કહેવું સત્ય છે. ચાલો હું તેને સમજાવું છું. પ્રેમદત્તની પાસે જઇ—ભાઇ પ્રેમદત્ત હું તારા હિતને ખાતર બે શબ્દો કહેવા ચાહું છું. જેને તું તારી ફરજ સમજી વર્ત વા માટે પ્રયાસ કરીશ કે નહિ?

પ્રેમદત— કહો કાકા ! તમારૂં કહેવું મેં કદી ઓળંઘ્યું હોય તેમ તમોને યાદ છે ?

હરિદત— નહિ ભાઈ! અને તે પ્રમાણે આજે પણ હું કહું તે પાળજે એટલે બસ, સાંભળ. તારો પિતા તારી બંને બૈરીઓના નિત્યના ઝગડાથી કંટાળ્યો છે. સ્ત્રીઓ તને મારે ને તું ઘરમાં પડયો રડે તે ગામનાં લોકો જુવે એ શું સારૂં

કહેવાય ! સારા ને કીર્તિમંત પિતાને તો તે મરવાથી પણ અધિક દુઃખદાયી જણાય. માટે સ્ત્રીઓ સાથે કડકપણે વર્તતા તારી ફજેતી થતી અટકે, ને સ્ત્રીઓ તને બળવાન જાણી ડર ખાય. સ્ત્રીઓ પુરૂષને નમાલો જાણે એ કંઇ ઓછા ખેદની વાત નથી. સાભળ.

મૂર્ખ કહાવે જેહ, નારીને વશ નવ રાખે
મૂર્ખ કહાવે તેહ, નારીનાં વેણો સાંખે
મૂર્ખ કહાવે તેહ, નમાલો નારી જાણે
મૂર્ખ કહાવે તેહ, નારી પશુ પરમાણે.
અતિ મૂર્ખ તેહ જાણવો, માર ખાય નારી તણો
ક્રોધ ન દાખે કાંઇ જીવતે મુવો તે ગણો.

માટે ભાઇ સમજી જરા સ્ત્રીઓને લાલ આંખ દેખાડ જેથી તેઓ તારી બીક રાખી સામું બોલવા સુદ્ધાંની પણ હિંમત ના કરે.

પ્રેમદત્ત— હા કાકા, તમો કહો છો તે સોળ વાલ ને સાંભેલું. પરંતુ સાંભળો.

જેવો હું ઘરમાં પગ માંડું, એક આવીને પકડે કાંડું
એક કહે મારો ભરથાર, બીજી કહે મારો કીરતાર
એક મુજને ખેંચે આમ, બીજી ખેંચે બીજે ઠામ
એક કહે કેમ પરણ્યા જે, વાંક તમારો આ નહિ કે ?
ધકા મુકકી મારે બહુ અંગ ભાંગી નાખે સહુ
એ દુઃખ મુજથી નવ ખમાય સંભારતાં ઉર લાગે લાય

કહો કાકા હવે શો ઉપાય કે તેમને હાથમાં રાખી શકાય કેમકે તેઓ મારા અંકુશમાં નથી. દરેક માણસ એક બઇરીને કબજે રાખી શકતા નથી તો મારે તો બે મળી છે. મારો બાપ પણ એક બઇરીને પહોંચી શકતો નહોતો તો મારે તો બે બઇરીને કેમ પહોંચવું? તમોજ કહો ને કે મારી કાકી સાહેબ કેવાં ડાહ્યાં ડમરાં છો! મેં ઘણીવાર તમારે ઘેર તમારી બંનેની લડાઇ જોઈ છે. ત્યાં તમો તેમને બોલવામાં તો જરા પણ પહોંચી શકતા નથી, તો પછી મને શું સમજાવો છો? કહેવત છે કે કાકા તેવા ભત્રીજા, તેમ તમે તેવા અમે. ને બીજી કહેવત એ છે કે ડાહી ગાંડીને શીખામણ દે પણ પોતે સાસરે જાય નહિ. તેમ તમો મને સમજાવો છો પણ પ્રથમ તમારૂં તો ઘર સંભાળો.

હરિદત્ત— (મોઢા આગળ લુગડું ઢાંકી) હાય પ્રભુ! આતો નીમાજ પઢતાં મસીદ કોટે વળગ્યા જેવું થયું. મેં આ છોકરાને સમજાવવા પ્રયત્ન કર્યો તો તેણે તો સામું મારૂં મોઢું પણ તોડી લીધું. માટે હવે તેને સમજાવવામાં સાર નથી. પટાવા દો (વીરદત્તની પાસે જઇ) ભાઇ વીરદત્ત—સંસાર દુખીઓ છે. પ્રારબ્ધ યોગે સર્વની સાથ પનારાં પડે છે, તે ભોગવ્યા વગર બ્રહ્માદીકનો પણ છુટકો થતો નથી. સાંભળો.

ગાયન ૧૦ મું

હરિદત્ત

ભાગ્યે લખ્યું તેહ થાશે ભાઇ ભાગ્યે લખ્યું તેહ થાશે

કર્મ રેખા તુટી નવ જાશે, મોટા મોટા રાજા ઓથી ત્રાસે—ભાગ્યે
રાવણુ કીધો યત્ન પણુ ટળ્યા નહી વિધી લેખ
તો કોણુ પામર જીવડા મારે તેમાં મેખ
અજ્ઞાની જન શોચ કરે છે પંડીત પ્રીછે ન કાંઇ
સુખ દુખ સમાન લેખવે, કોની સાચી ન માને સગાઇ—ભાગ્યે

માટે ભાઇ સાચી વાત ભાગ્યની છે. સર્વ રૂણાનુબંધે આવે છે. માટે કોઇ પોતાનું કે પારકું નથી. સઉ સઉનું લેણું પુરૂં થયે એક બીજાને લોકાંતરમાં જવું પડે છે. માટે મિથ્યા હર્ષ શોક કરવો છોડી પ્રભુ ભજનમાં લાગો.

વીરદત—હા ભાઇ તારૂં કહેવું સત્ય છે. ચાલો ભાગ્યમાં લખ્યા પ્રમાણે થશે.

પ્રવેશ પાંચમો

સ્થળ—ઇંદ્રસભા.

પાત્રો—ઇંદ્રાદિક દેવતાઓ, અપસરાઓ, પાછળથી દુર્વાસા.

ઇંદ્ર—ગુરૂજી! આપની કૃપા વડે કરી અત્યાર સુધી તો પરમાનંદ જણાયો છે. વળી પરમાત્મા પરબ્રહ્મ ભગવાન શ્રી વિષ્ણુનો મંગળકારી કૃષ્ણાવતાર પૃથ્વી પર થયેલો છે જેણે ગોવર્ધન પર્વત ધારણ કરી મારૂં અભિમાન ઉતાર્યું છે, જેની માયાથી તેને જાણતાં છતાં પણ તેની બાંધેલી મર્યાદાને હું ઉલ્લંઘી જવા

ચહાતો હતો તેથી થપડાક ખાઈ ગયું ઓઇ નીર્મળ થયો છું. ને પ્રભુ કૃપાથી અત્યારે તો મને પરમાનંદ છે. પરંતુ તે પ્રભુના સ્વધામ પધાર્યા પછી અમારૂં શું થશે તે બાબતની એક નવી ચીંતા ઉપજી છે.

બાહુસ્પતિ— અને તે શી?

છંદ—સાંભળો— ચિંતા મુજને એક ઘણા દિવસથી થાયે
કલીયુગ આવ્યો છેક, કેમ અમ પેટ ભરાયે
પાપ કર્મ બહુ થશે, ધર્મ કર્મ સહુ જાશે
ગોબ્રાહ્મણ પ્રતિપાલ, ધર્મ તજી મારવા ધાશે.
ગોબ્રાહ્મણને વેદ, એહ યજ્ઞતણું મુળ છે.
ત્રણે થશે ઉચ્છેદ એહ પાકું ઉર શુળ છે.

બાહુસ્પતિ— તમારી વાત બરાબર છે. કલી કાળને વિશે તેમજ થશે, પરંતુ સાંભળો

ચિંતા રાખે એહ, પ્રભુ વિશ્વંભર કહાવે
ભૂખ્યા ઉઠાડે તેહ, ભૂખ્યા કો નહિ સુવડાવે
થોડું ઘણું આપી, પોષે ચરાચર પ્રાણી
ગીતા ભાગવત રચી, થોડું પોષશે ગુણ ખાણી
વર્ધિશ્વદેવ કોઇ કોઇ ધરે, ગીતા જ્ઞાન બળ થશે
બધા દીવસ સરખા નહિ, આ ગયા તે તેમ જશે

છંદ— ઇશ્વર પર શ્રદ્ધા રાખવી, તે વાત સત્ય છે, પરંતુ પુરૂષાર્થી નેજ ઇશ્વર સહાય કરે છે. માટે પુરૂષાર્થ કરવો જોઇએ. કેમકે અર્ધા ભુખ્યા દિન અમારા કહો કેમ જાશે?

ઉપાય કરશો કાંઇ જેથી સર્વને સુખ થાએ
અગ્નિ તમો સમર્થ દેવનું મુખ કહાવો
કહો કાંઇ ઉપાય મનુષ્ય પાસે જેમ ફાવો
વળી સમર્થ શૂરવીર છો, જોર જુલમ પણ કરી શકો
વઇશ્વ દેવ જે નવ કરે ફર કહાવો કંઇ અદકો.

અગ્નિ— મેં પણ તે બાબતનો પ્રથમથીજ વિચાર કરેલો છે. કેમકે દેવતાઓનું (તમારા સર્વનું) મુખ હું છું, તેથી તે બાબતની મને પણ ચિંતા થતી હતી. જેનો ઉપાય મેં વિચાર્યો છે તે સાંભળો.

ન કરે જે હીજ યજ્ઞ જઠરને મંદ કરું છું
લોહી વિકાર વધારી, કરું ફીકકું સહુ તનકું.
વળી ચારુ નિયમ, પ્રેત ભોજન ત્યાં થાએ
બુદ્ધિ બગાડે જેહ, વિત્ત યશ સાથે જાએ
મારું પરાક્રમ નહિ બહુ, છતાં ઘર બાળી શકું
યમરાજા છે બહુ પ્રવીણ, બુદ્ધિબળ એનું પકું

યમરાજ— આપણા સૌના કલ્યાણ માટે મને એક ઉપાય મળી આવ્યો છે. તે સાંભળો.

સરસ એક ઉપાય, પંચ ભૂત કરો વિકારી
રોગો ઉત્પન્ન થાય, અનંત જેથી વૃત્રારી
ટુંકી આયુષ્ય થાય, જીવીતનો નહિ ભરુસો
અત્યારે સાજો હોય, ક્ષણુમાં કાળનો ફાસો
ધર્મ ભ્રષ્ટ ધરથી સહુ, માંહો માંહે લડી મરે

મૃત્યુ વિવાહ ક્રીયા મીશે દેવ પિતૃ ઉદર ભરે.

ઈંદ્ર— યમરાજ ! રોગોની અધિષ્ઠાત્રી સત્તાઓને ઉત્પન્ન કરો જેથી સમય આવે તેઓ પોત પોતાના કાર્યમાં સામેલ થઇ જાય. આપણે પંચભૂત વિકારી કરી તેમને મદદ કરીશું.

યમરાજ—દેવેન્દ્ર! પ્રભુ શ્રી કૃષ્ણે બાણાસુરના ૯૯૬ હાથ કાપ્યા તે જોઇ ભકતાધીન શંકરે ભકતની વ્હાર કરતાં ક્રોધ કરીને કાળજવર પ્રગટ કર્યો હતો તે તેમજ કોલેરા ને ક્ષય, એ ત્રણેને હમણાંજ અહીં બોલાવી આજ્ઞા કરી દઉં છું (ધ્યાન ધરતાં ત્રણે પ્રગટ થાય છે ને એકદમ બહાર આવી દેવ સભાને પ્રણામ કરી. ત્રણે યમરાજની સામા હાથ જોડી આજ્ઞા કરો એમ કહી ઉભા રહે છે.)

યમરાજ— હે કાળજવર ! જેવું તારૂં નામ છે તેવીજ તારી કૃતિ છે. કળીયુગમાં તારાં નામો મરકી ગાંઠીયો તાવ, ને પ્લેગ થશે. હે કોલેરા, બળમાં કાળજવરથી તારી શકિત કંઇ ઓછી નથી. તેમ હે ક્ષય, સર્વ વ્યાધીનો તું ત્રણે કાળમાં જનક છે માટે તમારી આવી અદભુત શકિત જોઇને દેવ કાર્ય માટે તમોને બોલાવ્યા છે. માટે મારી આજ્ઞા પાળો.

ત્રણે— કૃપાળુ ! જે આજ્ઞા કરો તે કરવા તઇયાર છીએ.

યમરાજ— હવે દ્વાપરની સત્તા જુજ સમયમાં જતી રહી કળીયુગની સત્તા પ્રવર્તશે. તેમાં લોકો નાસ્તીક અને નીચ થઇ જશે. બ્રાહ્મણ, ક્ષત્રીય, ને વૈશ્ય ષટ કર્મ તજી દેશે. તેથી પંચ મહાયજ્ઞ જે વઇશ્વદેવ તે બંધ થતાં દેવતાઓની આજીવીકા બંધ પડશે જે જોર જુલમથી કઢાવવા તમોને બોલાવેલ છે.

માટે સમય આ તમારૂં કામ ત્વરાથી તમો કરશો એમ મારી આશા છે. કહો તમારૂં જોર કેટલું છે?

કાળજ્વર— કાળીજ્વર છે નામ મારૂં, પ્રત્યક્ષ કાળ કહાવું
જેના હાડમાં પેઠો તેને, ત્રાહિ ત્રાહિ પોકરાવું
ગાંઠીયો તાવ નામ મારૂં, એ ત્રણ ગાંઠો ફુટે
તે પીડા થકી કંઈ જન, છાતી માથાં કુટે
પ્રાણ હરિ એક બે દિવસમાં, કરૂં કદી નવ પાછો
જમ પંજાથી છુટે તે નર, ભાગ્ય તણો છે સાચો.

કોલેરા— કોલેરા હું જ્યાં પહોંચ્યું ત્યાં, ઝાડા ઉલટી વધારૂં
લોહી તણું પાણી કરી નાખું, એક ક્ષણમાં મારૂં
પ્રલય કાળ સમ મ્હારૂં બળ છે, બળ હરતાં નહિ વાર
ધર્મ તજે તે નર નારીના, પ્રાણ લઉં નીરધાર.

ક્ષય— પાપી નરનાં હું હાડમાં પેસું કામ વિકાર વધારૂં
ધાતુ ક્ષીણ થયે અશક્તિ, વાધે સાંજ સવારૂં
કુમતાક્રાંત થઇ જે દેહમાં, જોર મારૂં બહુ ચાલે
વાત પીત કફ કોપાવું કે, મૃત્યુ મારગ ઝાલે.

યમરાજ—તમારા ત્રણેના બળમાં કશી ખામી નથી. માટે તમો છુટો ને દંડ દેવામાં બીલકુલ કચાશ રાખશો નહિ.

કાળજ્વર—મહારાજ! તે બાબત જરાપણ ફીકર રાખશો નહિ. હરેક વખતે કળીયુગમાં મારી હાક વાગેલીછે. તેને લીધે લોકો મારી બીકથી ગામે ગામ ને જંગલે જંગલ નાસેછે પણ હું તેમને છોડતોજ નથી. (પ્રેક્ષકોને) ભાઇઓ મરકીથી બચવાનો ઉપાય એજ છે કે હીંદુઓએ ષટકર્મમાં પ્રવૃત્ત થવું ને શુદ્રોએ ગંજ નગર

અગ્નિમાં ઘીની આહુતી આપવી. તે છોડી દઇ જે નાસભાગ કરશો તો પણ જ્યાં જશો ત્યાં હું પાછળજ છું તેમ સમજજો. માટે મરકીથી બચવું હોય તો ષટ કર્મમાં પ્રવૃત થાઓ, ધર્મ દાન કરો, ગરીબોને સંતોષો, એજ મરકીથી બચવાનો ઉત્તમ ઉપાય છે. વજ્રની પેટીમાં પુરાયા છતાં કાળ આવ્યો હોય તે છોડતોજ નથી એ શું તમારાથી અજ્ઞાત છે? (તુરતજ સાક્ષી આપવા કાળ સ્વરૂપનું દર્શન થાય છે તે જોઇ દેવતાઓ આભા બની જાય છે ને સર્વે ઉભા થઇ પ્રણામ કરે છે.)

ઇંદ્ર—કૃપાળુ આપ કોણ છો! તે કૃપા કરી જણાવશો?

કાળ—હું લોકોનો સંહાર કરનારો કાળ છું. કાલજ્વરના કથનને ટેકો આપી જનસમાજને તેનું કહેવું સત્ય છે તે જણાવવા પ્રકટ થયો છું. કેમકે ધર્મ અને ઇશ્વરનું શરણુ છોડી મિથ્યા ભાગ નાશ કરી બચવા ઇચ્છતા મુર્ખજનોને મારે જણાવવું જોઇએ કે મારી ગતી અનિવાર્ય છે.

પ્રચંડ મારી ગતિ, કોઇથી નવ રોકાયે
પ્રચંડ મારી ગતિ, ચઉદ લોકોમાં થાયે
પ્રચંડ મારી ગતિ, બ્રહ્મા સરખાને પાડું
પ્રચંડ મારી ગતિ, શીવ સરખાને ત્રાડું
મહા પ્રલય જ્યારે કરૂં બ્રહ્મ વિના કોઇ નવ જડે
સોહં સોહં તેહ, અદ્વૈત રૂપ વેદો કહે.
તો કોણ પામર જીવ, મિથ્યા માયામાં ભમતો
મારૂં તારૂં કરી વિશ્વ વનચર થઇ ભમતો
અરે અભાગી જીવ, જીતવા ચાહે જો મુજને
સંત સમાગમ કર, સાચી યુક્તિ કહું તુજને

સંત પરોપકારી મહા, સ્વરૂપ બતાવે નીજ તણું
દેહાધ્યાસ છોડાવી, મોક્ષ સુખ આપે ઘણું.

હે કાલજવર ! હે કોલેરા ! હે ક્ષય ! તમે મારૂં કહેવું સાંભળો. આજથી દેવ પિતૃઓનો કર નહિ આપનારા વૃધ્ધોની સેવા તજી કેવલ સ્ત્રી પુત્રાદિકમાંજ આસકિત રાખનારા એવા પેટ ભરા લોકોને તમો ઉગ્ર દંડ આપજો. તમોને પ્રવૃત કોઇને જે લોકો તમારા ભયથી છુટવા માટે યજ્ઞાદિ નહિ કરતાં કેવલ નાશભાગ કરે તેઓ જ્યાં જાય ત્યાં જઇને તેઓનો ક્ષય કરજો જેથી જન સમુદાય યથાર્થ સમજે કે રોગોને હઠાવવામાં સબલ કારણ ઇશ્વરી નીયમોનું પાલન તેજ છે. પણ કૃત્રીમ ઉપાયો નથી. વળી તમારી વૃદ્ધિને માટે અનાવૃષ્ટિ વિશેષવૃષ્ટિ અતિશય ટાઢને તાપ અને અનિયમીત ઋતુઓને સ્થાપીશ જેથી તમારી સન્તાની વૃદ્ધિ થવામાં કંઇપણ ક્યાશ રહેશે નહિ. માત્ર જે જે લોકો સ્વધર્મ પાળે તેમની રક્ષા કરજો ને હું પણ તેમજ કરીશ.

કાલજવર—(પ્રેક્ષકોને) ભાઇઓ સાંભળ્યાં કાલ પરમાત્માના વચનો? બસ હવે બેડો પાર. ભલે મારા ભયથી ભાગો નાસો. તમો જશો પગથી તો હું આવીશ ગાડીથી, તમો જશો ગાડીથી તો હું આવીશ તારથી. માટે વિચાર કરી વ્યર્થ ભાગ નાશ નહિ કરતાં સ્વધર્મમાં પ્રવૃત રહો તોજ તમારૂં ઉભય લોકે કલ્યાણ થશે. (કાલ ભગવાન અદૃશ્ય થાય છે. દેવતાઓ જય જય ધ્વની કરી પોત પોતાની જગો પર બેશી જાય છે.)

ગાયન ૧૧ મું.

કાલજવર—દુષ્ટ પ્રાણીઓને દુખ દેતા
કોલેરા— સાધુ સંતની રક્ષા કરતા

ક્ષય— કાળ મૃત્યુનું ધ્યાન જ ધરતા
ત્રણે— વિશ્વે વિચરશું અમે વિશ્વે વિચરશું.
કાલજ્વર— દેવ પિતૃનો કર નવ આપે
કોલેરા— વડીલને જે બહુ દુખ આપે
ક્ષય— વેદ તણી મર્યાદા ઉથાપે
ત્રણે—અમો પ્રાણ તેના હરશું અમો પ્રાણ તેના હરશું—
કાલજ્વર—મુજ ભયથી ભાગે નાસે જે જન ઠામો ઠામ
અથવા કોરનટાઇનો રાખે જોર પ્રકાશું તમામ
કોલેરા—કદી એકલો ફેર વર્તાવું કદી આવું તમ સાથ
અનેક દુષ્ટોને સંહારૂં જોજો મારા હાથ
ક્ષય—રોગ માત્રનો જનક હું છું જ્યાં થાયે મુજ વાસો
એકે ઔષધ લાગુ નવ થાય પડે કાળનો ફાંસો—દુષ્ટ.

દેવતાઓ—(એકે અવાજે) બસ હવે ધારેલી ધારણા સફળ થઇ
ખાવા પીવાની ચિંતા સઘળી ગઇ

તુરતજ દુર્વાસા ઋષિ આવે છે. તેમને જોઇ દેવ સભા ઉભી થઇ ઇંદ્ર આગળ આવી નમન કરી પોતાના આસનપર બેસાડે છે. પછી સહુ દેવતાઓ બે હાથ જોડી સ્તુતી કરે છે.

ગાયન ૧૨ મું.

દેવતાઓ—

અત્રી પુત્ર શીવઅંશી પધારો
પાવન કીધો આવાસ અમારો—અત્રી.
ધન્ય ઘડી પળ આજનો દિવસ

મળ્યા મહાશીવ જક્ત જેને વશ
ધન્ય અમો ધન્ય લોક આ સારો—અત્રી.
આજ્ઞા કરો પ્રભુ સેવક અમને જાણી
જે જે માગો તે આપીએ પ્રેમ આણી
જાણીને દાસ અમ વિનતી સ્વીકારો—અત્રી

દુર્વાસા—કરતાં તપશ્ચર્યા તપોવન, કાળ બહુ વીતિ ગયો
લાગ્યું હરિમાં તાન, તવ ઈંદ્રિય સમુહ આકુળ થયો
લાગ્યો જવા મુજ પાસથી, મેં ધ્યાનથી તવ જાણીયું
બોલાવી ધીરજ આપી મેં તવ વચન મુજ પરમાણીયું
ઈંદ્રીય સમુહ ઈચ્છા થઈ, સુખ પામવા શુભ સ્વર્ગની
ઈંદ્ર આસન બેસવા તજી ઈચ્છા શ્રી અપ વર્ગની
હું આવીયો ઉઠીને તહાંથી, તેજ કારણ દેવતા
અપ્યું તે મુજને ભાવથી, જે ઈંદ્ર રાજા સેવતા

ઈંદ્ર—(અપ્સરાઓને) મહાત્મા દુર્વાસાને પ્રસન્ન કરવા કોઈ આપ પ્રભુના નિર્મળ યશને સૂચવનાર ગાન સાથે નૃત્ય કરો.

ઉર્વશી—(સ્વગત) રે આ વનમાં રહેનાર જોગીઓ નૃત્યમાં શું સમજે ? તોપણ મહારાજા ઈંદ્રની આજ્ઞા થઈ છે તો માત્ર તેમની આજ્ઞા પાળવા નૃત્ય કરું છું.

ગાયન ૧૩ મું.

અપ્સરાઓ—

હાંરે સખી મોહી રહીશું શામ અંગમાં
છબીલા કૃષ્ણ સંગમાં—હાંરે.
સખી ચપળ નંદ કુમાર કીશોર વયના કાન કુમાર

છબીપર જાઉં બલીહાર તન મન ધન નાખું ઓવાર
કામણગારો કૃષ્ણ મુરાર સકલ સૃષ્ટિનું સૌંદર્ય એહમાં—હારે.
કામણગારો એ ધુતારો ચપળા ચીત્ત ચોરી લેનારો
દધી દુધ ને છાશ પીનારો ગોપીયોનો એ આનંદ ક્યારો—હારે.
ભક્તો માટે લે અવતાર દુષ્ટોને દમવા નીરધાર
ભક્તો માટે પ્રાણ આધાર ચોવીશ લીધા છે અવતાર
ધન્ય ધન્ય શ્રી સરજનહાર રહ્યા ભક્ત હૃદયાકાશમાં—હાં.
શાન્ત શાન્ત સોમ સમ શાન્ત કાન્ત કાન્ત કમળા કાન્ત
ભજ ભજ તજીને ભ્રાંત ઉલટ ઉમંગ આણી નીરાંત
ચાહોને, આવોને, ધ્યાવોને, રામના નામને શોભાના ધામને
પામી વીરામને—હારે.

(અંતર્યામી શક્તિ ધરાવનાર મહાત્મા દુર્વાસા ઉર્વશીની મનો ભાવના જાણી ગયા હોવાથી સ્વાભાવાનુસાર પ્રસન્ન થયા નહિ પરંતુ તેને દંડ દેવા ક્રોધ કરી બોલ્યા)

દુર્વાસા—અરે દુષ્ટા ઉર્વશી! શું તું એમ જાણે છે કે ચઉદ લોકને ધ્રુજાવે એવો દુર્વાસા એક સાધારણ જોગટો છે! શું તું મારૂં અપમાન કરી મને ઠગવામાં ફાવી જઈશ એમ ધારે છે? ચાલ તને ઉગ્ર દંડ દઉં છું જેથી ફરી અભીમાની થઈ મહાત્માઓનો અનાદર નહિ કરે.

ગર્વિષ્ટ નારી થઈ ગર્વ તોડું
હમણાં આપી શ્રાપ સહુ સુખ ફોડું
પાપાત્મા બુદ્ધિ અભિમાને જોડી
પૃથ્વી ઉપર જા તું થઈને ઘોડી.

(આપથી કંપીત થએલી ઉર્વશી હાથ કરતી ભુમી પર પડે છે ને થોડીવાર રહી શુધ્ધિ આવતી ઉઠે છે.)

ઉર્વશી—(સ્વગત) અરેરે મેં પાપીણીએ અભિમાનથી મહાત્માને ઓળખ્યા નહિ ને હાથે કરી સંકટ વ્હોરી લીધું હવે તેજ મહાપુરૂષને શરણે જાઉં જેથી દુઃખ મટે (એમ વિચારી ઋષી ને પ્રણામ કરી પ્રાર્થે છે.

ગાયન ૧૪ મું.

ઉર્વશી—

દયા દયા કરો નાથ અનાથ દીન જોઇ—આ બાળાને (૩)
શોકમાં સીદાતી, ભયથી ગભરાતી,
શ્રાપથી પીડાતી, પતનથી રીબાતી—દયા૦
કહાવો તમો કરૂણાના સમુદ્ર, સાક્ષાત રૂપી સદા શીવ રૂદ્ર
જાણ્યા નહી પ્રભુ પીછાણ્યા નહી વિભુ
અવતારી શ્રી શંભુ, ક્યાંથી જાણી શકું માયામાંહી છકું—દ૦
શ્રાપાનુગ્રહ કરો દીન દયાળ, સદા કરો મ્હારી પ્રતિપાળ
નહી તો અથડાઇ મરૂં ક્યાંઇ નહી ઠરૂં,
સુખ જશે પરૂં હવે હું શું કરૂં—દયા૦

દુર્વાસા—જો તું ક્ષમા ચાહી અનુગ્રહ માગે છે તો સાંભળઃ

સુંદર ભારત દક્ષીણ પચ્ચરંગી ઘેડી તું તો થાશે
દિવસે ઘોડી રૂપે, પદ્મીની રૂપે રાત્રી સકલ જાશે
સાડાત્રણ વજ્રો જ્યા ભેગાં થશે તવ મોક્ષ થશે તહારો
શ્રાપ મિથ્યા નવ થાએ અનુગ્રહ એજ માટે ધૈર્ય ધારો

(તુરતજ ઉર્વશી ઘોડી થઇ પૃથ્વી પર પડે છે.)

પ્રવેશ છઠ્ઠો

સ્થળ–ડાંગવ નગરની બજાર

પાત્રો—ત્રણ અશ્વરક્ષકો–પાછળથી ડાંગવને સિપાઈઓ.

(એક બાજુથી રાજાની અસ્વશાળાના બે રક્ષકો નામે રામોને પ્રેમો કાંઈ સામાન ઉપાડી ચાલ્યા આવે છે.)

રામો–ભાઈ પ્રેમા આજતો આપણને બજારમાં સીધું સામાન લેતાં ઘણીજ વાર લાગી પરંતુ તને ખબર તો છે કે રાજાજીની હય શાળામાં આવવાની આજકાલ વકી છે, માટે ચાલો જલદી ત્યાં જઈ પહોંચીએ.

પ્રેમો–ભાઈ તારૂં કહેવું સત્ય છે. બજારમાં નીકળ્યા એટલે એક વાર એક ચીજ જોઈએ ને બીજી લઈએ. બીજી જોઈએ કે ત્રીજી લઈએ એમ કરતાં વખત વીતીજ જાય ક્યાં આપણે રોજને રોજ આવીએ છીએ.

રામો–હા ભાઈ ! હવે ચાલો ઉતાવળથી ! કદાચ રાજા આવી જશે તો પુરે પુરા ભોગ મળશે. (બંને ચાલવા માંડે છે તેટલામાં કાનો નામનો ત્રીજો માણસ ભયભીત ચ્હેરે પ્રવેશ કરે છે.)

કાનો–અરે ભાઈ રામાને પ્રેમા ! ગજબ થયો, તમો તો બજારે માલ લેવા ગયા તે અત્યાર સુધી આવ્યાજ નહિ તો હવે સાંભળો મોંકાણ

રાજાજી. આવી શાળામાં. શોર મચાવી બહુ મુકયો.
દેખી દુર્બળ સર્વે ઘોડા, જેમ તેમ આવી ઝુંકયો

તમને ગોતા ગોત કરે છે, કેમ વાર લાગી આવડી
છાનો માનો તમને કહેવા. નીકળી આવ્યો બહાર અહીં.

(બંને ચમકી) હેં શું કહે છે. શું રાજાજી આવ્યા છે?

કાનો—હા ભાઇ હા હવે જલદી ચાલો! આજ તે બહુજ કોપાવિષ્ટ થયા છે. દેવ જાણે શું કરશે!

રામો—ભાઇ પ્રેમા! કહે હવે આપણે શો ઉત્તર દેશું?

પ્રેમો—ભાઇ સાચે સાચી વાત કહેવામાં આપણને શો વાંધો છે? આખર રાજાજી દંડ દે તેતો સહેવાનોજ છેને!

(તેટલામાં રાજા ચાર સીપાઇઓ સાથે પ્રવેશ કરે છે. તે આ બન્નેને જોઇ)

ડાંગવ—અરે દુષ્ટો તમો નોકરી કરો છો કે હજામ પટી! કહો અત્યાર સુધી તમો ક્યાં ગયા હતા? (બંને દબાઇ જાય છે,)

રામો—મહારાજા! અમો બજારમાં સીધું સામાન લેવા ગયા હતા. જ્યાં વિશેષ વાર થઇ ગઇ જે માટે આપ કૃપાળુની ક્ષમા ચાહીએ છીએ.

ડાંગવ—બજારમાં સીધું લેતાં આટલી બધી વાર? ખરેખર હું નથી ધારતો કે તમારૂં ચિત્ત નીમકહલાલીથી નોકરી કરવાનું હોય કેમકે.

ગયો હતો અશ્વ શાળા હું આજે
દેખી અશ્વસહુ શું કહું વેણ લાજે
જાણ્યું મેં હવે અંદી સૌ વેચી ખાઓ
બજારે બજારે ભટકી ન ધ્રાઓ
કહો સત્ય મુજ ધારણા સાચી ખોટી
નહિતો મારૂં છેક નહિ બુદ્ધ છોટી

ગાયન ૧૫ મું

અશ્વ રક્ષકો—

કરગરી કહીયે, વિનતી ઉર ધરીયે
રાજાજી! રાજાજી! ક્રોધ છોડો!
શું ખોટો વિચાર કરો આવડો!—કરગરી૦

પચરંગી એક ઘોડી આવે, પાણી પાવા જ્યાં જાઇએ
નથી વિશ્વમાં દીઠી એવી, વિસ્મય તે દેખી થઇયે—કરગરી૦

અશ્વ દેખીને થાય આકળા તે પુઠે સૌ કો દોડે
હાથ ઝાલતાં રહે નહી કો, માન અમારાં તે તોડે—કરગરી૦

મોડી રાતે ઘેર આવે સૌ, ખાંખી ત્યારે તે દઇયે
ખાય પીયે નહી તેહ દુખેથી, દુર્બળ દેહ એનો કહીયે—કર૦

ડાંગવ—ઠીક ત્યારે આજે હું તે બાબતની તપાસ કરૂં છું અત્યારે જાઓ જો વાત જુઠી પડશે તો જાણજો કે તમો પરલોક પહોંચી ગયાજ. (સીપાઇઓને) આ લોકોના ઉપર હું ફરી હુકમ આપું ત્યાં સુધી સખ્ત ચોકી પહેરો રાખજો કે જેથી તેઓ નાશી જાય નહિ.

સીપાઇયો—જેવી મહારાજની આજ્ઞા——— [સૌ જાય છે.

પ્રવેશ સાતમો.

સ્થળ વન

પાત્રો—ઉર્વશી પ્રથમ ઘોડી રૂપે પાછળથી સ્ત્રી રૂપે અને ડાંગવ

ડાંગવ— (વનમાં આવતાંજ ઘોડી રૂપે ઉર્વશીને જોઇ:—)

આહા હા ! આ પ્રાણી તો અજબ ! બ્રહ્માજીએ ઘોડાની આવી જાતી કોઇ ઉત્પન્ન કરી હોય તેમ કાને સાંભળ્યું પણ નથી.

વિશ્વે ન દેખી કે સુણી ન કાને
ઘોડાની જાતિ પચરંગીવાને
કારણ રૂપે કો આપત સારી
વનમાં વસે શી દેહ શોભા તારી

(તેટલામાં સાયંકાલ થએલો હોવાથી ઘોડી સ્ત્રી રૂપને પામે છે તેને જોઇ આશ્ચર્ય પામી રાજા ચિત્રવત્ બની જાય છે ત્યાર બાદ જરા વાર રહી સાવધ થઇ)

ડાંગવ — અરે વળી આ શો ચમત્કાર ! ખરેખર મારી અટકળ પ્રમાણે તે કારણ રૂપ જણાય છે (તેટલામાં ઉર્વશીને સ્વગત કંઇ બોલતી જોઇને)— હા તે કંઇ સ્વગત બોલે છે. માટે સાંભળું તો ખરો કે તે શું કહે છે—

ગાયન ૧૬ મું

ઉર્વશી—

અહો શી કર્મ રેખા, વિધીના જે લેખા,
મારે કોણ મેખા, ન વિશ્વે કો દેખારે
સ્વર્ગની સુંદરી, ઇંદ્રની કીંકરી, સાથ સદા ફરી મહા સુખે ભરી
આજ ઘોડી બની, વનોવન ભમી, દુખમાં નહી કમી
હવે મુને દમી—અહો૦
દુર્બુદ્ધિ મારી થઇ લોપી તો મર્યાદ
તે પાપે દુઃખ પામી છું, કોને દઉં હવે સાદ—અહો૦

ડાંગવ— સ્વગત—અરે આ કોઇ સ્વર્ગની સુંદરી હોય તેમ પોતાને કહે છે ખરેખર મને એમજ લાગે છે કે તેણે કોઇ મહાત્માને દુભ-

આ છે ને તેથીજ આપ પામી છે ખેર ગમે તેમ હોય પરંતુ મારે તેને સર્વ વાત પુછીને જો આશ્રય માગે તો આપવાને વચન આપવું જોઇએ તેથી તુરતજ પ્રત્યક્ષ થઇ કહે છે.

કોણ છે તું કોની નારી, વન વસે શા કારણે
ઘોડી હતી થઇ કેમ નારી, રૂપ જોઇ જાઉ વારણે
રંભા રૂપાળી રસીલી, કે ઉર્વશી તુજ નામ છે
સાચે સાચું કહે મુજને, રક્ષવા હૃદયે હામ છે

ઉર્વશી— ઉર્વશી છે નામ મારૂં, આપ પામી મુનીતણો
ઘોડી રહું દિવસે સદા, નારી બનું રાત્રે સુણો

ડાંગવ— કદાપિ પ્રિતી કરે મુજમાં મહેલ રાખું તુજને
ઇચ્છા જણાવે તાહરી, તું સદા નારી મુજને

ઉર્વશી— પણ કરો તમો રાય મુજને કદી ન આપવી
માગે બળવંત રાય, પ્રાણાન્તે પણ રાખવી

ડાંગવ— આકાશથી ઉતરી ઇંદ્ર આવે
કે રાય પૃથ્વી તણા સર્વ ધાવે
આ દેહમાં જ્યાં લગી પ્રાણ રહેશે
ત્યાં સુધી આ ડાંગવ સત્ય રહેશે
ધ્રુવજી કે મેરૂ કદી ચલીત થાય
તો પણ મારો બોલ મીથ્યા ન જાય
હું જીવતાં તુજને નવ આપું
લે કોલ મુજ વેણ કદી નવ ઉથાપું.

ઉર્વશી— બોલ્યું વચન પાળજો.
ડાંગવ— રાખજો મુજ વિશ્વાસ.
ઉર્વશી— હરખાઇ આવું નગ્રમાં.
ડાંગવ— ચાલો મુજ આવાસ.

અંક બીજો

પ્રવેશ ૧ લો

સ્થળ–વીરદત્તનું ઘર—

પાત્રો–પ્રેમદત્ત, પાછળથી નફટ, નવી, જુની કપુડીયો.

પ્રેમદત્ત–(સ્વગત) ઘરમાં બે માંથી એક પણ બબરી જણાતી નથી. હાશ જરા વાર તો વિશ્રાંતિ મળી. હમણા રાંડો આવશે તો સાઠમારી જાગશે. (જરાવાર રહી,) પણ રાંડો બંને ક્યાં ગઇ હશે ? છોકરો પણ જણાતો નથી, ઠીક કાંઇ નહિ. ચાલ જીવ શાંતિ ઘર. હમણા શંખણીઓ લોહી પીવા આવશે. (તેટલામાં નફટ આવે છે તે પ્રેમદત્તને જોઇ.)

નફટ–સ્વગત અરે ! મારી નવલીને મલવા હું હર્ષ ભેર આવ્યો પણ રે તેને બદલે આતો મોટો નવલો મલી આવ્યો, રે આ પાપ ક્યારે ખસે કે નવલી આવી મુંજાતી હસે. ખેર રાંડનો મને જોઇ ગયો લાગે છે. ચાલ જીવ તે ભોળો છે માટે ફીકર નહિ. કેમકે તેને મારો કંઇ વહેમ આવે તેમ નથી. ચાલ અત્યારે તો બની જાઉં તેનો મિત્ર કેમકે તેણે મને દેખ્યો છે. (પાસે જઇ) કેમ પ્રેમદત્ત–ગભરાતો છોને ? કહો ગામના શા ગપાટા છે ?

પ્રેમદત્ત–ભાઇ હું તો ઘરના ગપાટામાંથી નવરો થાઉં ત્યારે બહારના ગપાટામાં પેસુંને તું વાંદો એટલે જેવો આકેલો સાંઢ કંઇ ફીકર કે નહિ ઉચાટ, બાવો ઉઠ્યો કે બગલમાં

હાય ! મફતનું-ખાવું ને મસીદે સુવું એટલે હું પણ બાગ ગપાટા જાણતો હઇશ. માટે કંઇ તેવો એકાદ હોય તો મને જણાવ તો તારી મહેરબાની.

નફટ—સ્વગત—હું તો જાણું છું કે મારો બેટો પ્રેમલો ભોળો છે પણ રે આનો મને પણ બનાવે છે. ઠીક છે. અત્યારે તો એક ગપાટો સાંભળ્યો છે. તેનું તેને વર્ણન કરી બતાવું ને પછી રસ્તો માપું. ભાઇ પ્રેમલા સાંભળ આજે એક સાચો આવો ગપાટો તને કહું છું તેને ખોટો નહિ માનતો.

પ્રેમદત્ત— તું કદી ખોટું બોલ્યો છે કે આજ તારૂં વાક્ય ખોટું માનીશ ?

નફટ—ત્યારે સાંભળ.

ડાંગવ રાજા ઘોડી લાવ્યા, પાસેના જંગલમાંથી
પચરંગી શોભાથી સુંદર, રાય થયો તેનો સાથી
વિશ્વ વિશે નવ દેખી સુણી કો, ઘોડાની એવી જાતિ
લજવે ચંદ્રની કાંતિ એવી સુંદર સ્વરૂપે સોહાતી
દિવસે થાયે ઘોડી રૂપે રાત્રે સ્ત્રી રૂપે થાયે
કારણ રૂપેરા અબળા નારી મ્હેલ વિષે રાખી રાયે.

કેમ બરાબર સમજ્યોને ?

પ્રેમદત્ત—હા ભાઇ સમજ્યો.

નફટ—હવે બીજી કાંઇ નવીન બાબત નથી (જરા વાર રહી) વારૂ હું હવે રજા લઉં છું.

પ્રેમદત્ત—ઠીક ભાઇ આવજે.

નફટ—સ્વગત—અરેરે આજનો દિવસ તો ફોકટ ગયો (જાય છે.)

પ્રેમદત્ત—બરાબર નહિ સમજવાથી ઉંડા વિચારમાં પડ્યો હોય તેમ. ખુબ વિચારી એકાએક સ્વગત—હેં મેં શું સાંભળ્યું! શું હવેથી ઘોડીયો સ્ત્રી થાય છે! વાહ ધન્ય ઘડી ધન્ય ભાગ્ય કે નઠોર ભાઇ આવ્યા ને મારી વાત લાવ્યા. મારી બંને સ્ત્રીઓ મારૂં બીલકુલ માનતી નથી માટે તેમને ઘરમાંથી કાઢી મુકી એક ઘોડી વેચાતી લઉં જે દિવસે ઘોડી ને રાત્રે સ્ત્રી થાશે. તેથી બંને વખત કામ લાગશે એટલે દિવસે ઉઘરાણી માટે તે પર બેસી ગામમાં જવાશે ને રાત્રે સ્ત્રી થશે એટલે આ કજીઆળી સ્ત્રીઓનું કામ નહિ પડે.

કાઢી મુકું બંને રાંડો નિત્ય ઉઠી ઝગડો માંડે
કાયર થઇ ગયો બેજાર થઇ ગયો નિત્ય મુને ગાળો ભાંડે
સારૂં થયું નઠોર ભાઇ આવ્યા વાત વિસ્તારી કહી દીધી
ઘોડી લઉં એક સ્ત્રી થાશે ધારણા મારી સૌ સીધી.

એમ મન સાથે દ્રઢ વિચાર કરતો સ્ત્રીઓની રાહ જુવે છે. એટલામાં નવી જુની—ને કપુડીયો પ્રવેશ કરે છે—નવી પ્રેમદતને આવતો જોઇ

નવી—(છોકરાને) કપુડીઆ બાપા આવ્યા!

જુની—મેર રાંડ શંખણી! ધણીને બાપા કહેતાં શરમાતી નથી? લાજ જરા લાજ; બાપો તે તારો કે છોકરાનો?

નવી—મેર રાંડ કુભારજા! તારોને મારો બાપડો તો એકજ છેની? હું રાંડ તો તું રાંડ સત્તર વાર સમજી!

પ્રેમદત્ત—સ્વગત—અરેરે! ઘરમાં આવ્યો કે કજીઆ હોયજ (તુરતજ બે હાથ જોડી) અરે માવડીઓ હું તમારાથી થાક્યો. મેર જાણું કે તમારા બાપની હોળી જાગીજ હોય. જાણું બન્ને

પેલા નફ્ટ ભાઇનું જે સારી વાત લાવ્યા. ચાલો રાંડો થઇ જાઓ તઇયાર ને જાઓ તમારા બાપને ઘેર મારે તમારૂં કામ નથી.

તમને કાઢી ઘોડી લઉં એક રાત્રે આ રૂપે થાશે
દીવસે ચડવા કામ લાગશે. રાત્રે સંગે સુખ આપશે.

ને મારા ઘરમાંથી વઢવાડ પણ નીકળી જશે એટલે ટાઢે પાણીએ ખસ ગઇ સમજીશ,

નવીને જુની—ખબરદાર જો અમારા બાપની હોળા કાધી છે તો. જીવતા નહિ રહો તે યાદ રાખજો.

પ્રેમદત્ત—માફ કરો માવડીયું હવે મશ્કરખાની કરી જાઓ.

નવી જુની—માફ શું કરે તમારા બાપની હોળી, આજતો તમે આગળી છુટ થયા લાગો છો ! શું ઘોડી તે સ્ત્રી થતી હશે ?

પ્રેમદત્ત—હા રાજાને ત્યાં થાય ને શું મારે ત્યાં ન થાય ? સ્વગત—(રાંડો દમ ભરાવ્યા વગર માનવાની નથી તેથી રોફમાં) કહું છું કે ઝટ ચાલી જાઓ છો કે નહિ ?

ગાયન—૧૭ મું

નવી જુની—

નહીરે જવાની અમે નહીરે જવાની
ફૂટ ફૂટરે અડવા નહી જવાની
તું પારણ્યો અમને શાને, હવે કોને કહે છે ભાને
નહી જઇયે મરી જાને
નકટા નાક જશે, ઇજ્જત જાશે, ન્યાત જાતમાં—નહીરે•

પ્રેમદત્ત—જાઓને રાંડો જાઓ અહીથી
છોકરાને મુકી જાઓ અહીથી

તમે તજી મારી ટેક, લજ્જા નહી કંઇ છેક
ઘણો કર્યો આ અવિવેક
નકટી નાક જાતું ભલે જાતું ન્યાત જાતમાં—જાઓને

(બંને સ્ત્રીઓ આથી ગુસ્સે થઇ. નહિ જવાની એ તરતજ ગાતી ગાતી મારવા માંડે છે.)

કપુડીયો—વહુઓ! માડા બાપાને ખુબ મારજો કે ફરી આવી વાત લાવે નહિ.

(ખુબ માર વાગતાં સહન નહિ થવાથી પ્રેમદત્ત બુમો પાડે છે.)

પ્રેમદત્ત—(જોરથી) કોઇ દોડો! દોડો! મને રાંડો પીશાચણીઓ મારી નાખે છે. ઓય મારા બાપરે!

(તેટલામાં વીરદત્ત ને તેનો નોકર દોડી આવે છે નોકર બાજુએ ઉભો રહે છે.)

વીરદત્ત—ખબર દાર! જો કોઇએ મારા છોકરા ઉપર હાથ ઉપાડયો છે તો! બેટા પ્રેમદત્ત! અહીં આવ—ને કહે ઘરમાં શું કજીઓ હતો?

પ્રેમદત્ત—બાપા એ તો કંઇ નહિ બનથું!

નવી—આ સાંભળી—સ્વગત—રે ઠીક થયું કે તેણેજ વાત છુપાવી છે. હવે સ્ત્રી ચરિત્ર કરવાદે—કપુડીઆને—છોકરા તારા બદાને કહે કે મારી વહુઓને તે મારતો હતો ને ખાલી પોતે બુમો પાડતો હતો.

કપુડીયો—બડા એતો મારા બાપાએ બહારથી આવી માડી વહુઓને કહયું કે તમે તમારે પીયર જાઓ હું એક ઘોડી લઇશ જે રાત્રે સ્ત્રી થશે ને દિવસે ઘોડી થશે એટલે બંને સમય કામ લાગશે. આ સાંભળી માડી વહુઓ જતી નહોતી એટલે

માડા બાપો તેમને મારવા લાગ્યા ને પાતે ડાવા મંડ્યો કે રખેને માડી વહુઓને મારે છે તે કાઇ જાણે.

વીરદત્ત—અલ્યા પ્રેમલા ! તને અકલ ક્યારે આવશે ! કદી ઘોડી તે સ્ત્રી થતી હશે ? મુર્ખ આવા નકામા ઝગડા શા માટે કરે છે જાણુતો નથી કે તારી મા મરી ગઇ છે અને વહુઓ જશે તો રાંધી કોણ દેશે રાંધી.

નવી—જુનીને—હવે આપણે સ્ત્રી ચરીત્ર પુરે પુરૂં ભજવો કેમકે આ દાવ સારો છે ચાલો પીઅર જવાનું બહાનું કાઢીએ.

નવી જુની—કપુડીઆને ! ચાલો બેટા ! તારા મામાને ઘેર. આ ઘરમાં હવે આપણું કામ નથી.

નવી—પીઅર જઇએ આજ, રહીશું ત્યાં મરતાં લગી
ગમાર મળ્યો ભરથાર, મિથ્યા જીંદગી ગઇ બધી.

વીરદત્ત—વહુઓ કૃપા કરી ઘરમાં બેસો.

ગાયન ૧૮ મું

નવી જુની—

બહુ વીતી! હાં હાંરે બહુ વીતી! (૨)
અમો પીયર જઇ રહેશું આજથી
હાં !! ગમાર ધણી મળ્યા એહ કાજથી

પ્રેમદત્ત—પ્યારી ગણું તમોને શીરતાજથી
માનો કહું નીરધાર (૨)

નવી—શાને થઇયે ખુવાર, બોણી નહી તલભાર
જુની—ભુંડણ શોભે એની હાર, લાવો ઘોડીબાઇ નાર
નવી—ઘોડી કુદે બેડકાર, હાં હાંકરીને ઉચ્ચાર

કપુડીયો—વાહ પ્રેમલાની નાર, પાણી પીયે ખાય ચાર—બહુ૦
વીરદત્ત—કૃપા કરી ઘરમાં બેસો વંદુ બાર વાર
પ્રેમદત્ત—જો બીજીવાર કરૂં આવું તો મુજને મારજો ઠાર
નવી જુની—શું ધારી વેશ્યા નાર? હાં બહુ વીતી૦

નવી—જુનીને—કેમ! કેવો વેશ ભજવ્યો છે! હવે કહો કે બંને માંનો કોઇ પણ આપણુ નામ લઇ શકે એમ છે?

જુની—વાહરે બહેન! તારા ડહાપણની શી વાત! આજથી તો આપણે બહુજ સુખી થઇ કેમકે હવે. કોઇ આપણુને કહેનાર રહ્યુંજ નહિ.

બંને—સસરાજી! હવે તમારા ઘરમાં રહીશું પરંતુ અમારૂં કોઇ નામ લે નહિ.

વીરદત્ત—રે તમોને હવે કોઇ કંઇ કહેજ નહિ.

માવલો—સ્વગત—અરે ભગવાન! આવા ગાલાવેલા જાડા ને સસરા જેના ઘરમાં હોય તેમાં પણ વળી ઘરમાં આવી શંખણીઓ હોય તો પછી રોજ આવા ફારસો જોવાની બહુજ ગમત આવે. રે રાંડો મકલાય છે કે જાણે મોટો ગઢ જીતી હોય! પણ નશીબદાર કે આવા ગાલાવેલા જાડા ઘરમાં છે. મારા જેવાને પનારે પડી હોત તો ક્યારનીએ સ્મશાન ભેગી થઇ ગઇ હોત. જે પતો પણ લાગત નહિ. ખેર જેવી પ્રભુ ઇચ્છા આપણે શું કરીશું.

પ્રવેશ બીજો.

સ્થળ ઇંદ્રભુવન—

પાત્રો—ઇંદ્ર ઇંદ્રાણી ને પાછળથી નારદજી.

શચી—સ્વામીનાથ! હું ઘણા સમયથી આપને ઉદાસીન જોઉં છું.

તો આપ જણાવશો કે એવું આપને શું દુખ છે. જેથી આપની કાન્તિ ફીકી જણાય છે

ઈંદ્ર— સ્ત્રી ! એ બાબત તને કહેવાથી કંઇ લાભ નથી. કેમકે તે દુખ તારાથીમટાડી શકાય તેમ નથી. (તેટલામાં દુરથી નારદજીને આવતાજોઇ) સતી; જોપેલા મહાત્મા નારદજી આવેછે. તેના સન્માનાર્થ તઇયાર થા; બંને ઉભાં થાય છે

ગાયન—૧૯ મું

નારદજી—

સંતોની સોબત તારે છે જીવોને, સંતોની સોબત તારે,
મમતા અભીમાન મોહને કાપી, કામ ક્રોધ દિ નીવારે—સંતોની
સ્વર્ગ બ્રહ્મલોક સુખ તુચ્છ એની આગળ મોક્ષજ હારે
બ્રહ્મ માંહી મનનો લય કરીને, જન્મ મરણથી ઉગારે—સંતોની
પુણ્ય પાપને શોક અબાળીને, કર્મ સંચયને બાળે
દેહાભીમાન તોડવી તતક્ષણ, સંચ્ચિત રૂપમાં ગાળે—સંતોની
મોક્ષ ચહાતો સંતોને સેવો, નીશદીન પ્રેમથી પ્યારે
કાળ મૃત્યુનો ભય ફીટી જાશે, કહું પ્રીતે વાર વારે—સંતોની

ઈંદ્રને શચી— પધારો દેવર્ષિ પધારો ! પધારો—

નારદજી— કલ્યાણથાઓ—(આસનપર બેસે છે ;
ઇંદ્ર તમો આજે ઉદાસ શાથી જણાઓ છો ? ખરેખર હાલમાં તમોને કંઇ દુખ હોય તેમ હું જોતો નથી, કેમકે પૃથ્વીનો ભાર ઉતારવા. પ્રભુ સાક્ષાત પૃથ્વીપર પ્રકટયા છે છતાં તને હજુ શી ચિન્તા બાકી રહી છે ?

ઈંદ્ર— મહારાજ, આપથી શું અજાણ્યું છે. મહાત્મા દુર્વાસાના શ્રાપથી ઉર્વશી જે આ સ્વર્ગનું અનુપમ સ્ત્રી રત્ન પૃથ્વીપર

ડાંગવ સરખા રાજાને ત્યાં પડયું છે. તેનાજ વિયોગથી મારૂં હૃદય સંતપ્ત છે. તેનો મોક્ષ સાડા ત્રણ વજ્ર એકઠાં થયે થાય તેમ મહાત્મા દુર્વાસાજીએ અનુગ્રહ કરેલો છે તો કૃપા કરી તેવો યોગ મેળવી આપો તો કૃપા થશે.

નારદજી—અરે! એટલા માટેજ તું ચિંતાતુર છે? ખરેખર તેવો યોગ મેળવવો કંઇજ કઠણ નથી. અત્યારે પૃથ્વી પર નર નારાયણ વિરાજમાન છે તેને લડાવી મારૂં કે સાડા ત્રણ વજ્ર એકઠાં થશે. કે તુરતજ ઉર્વશી અહીં આવશે.

ચંદ્ર– કૃપાળુ! તમારા વગર તેવું કામ બીજો કોણ કરી શકે!

નારદજી—ત્યારે અત્યારે હું જાઉં છું તું કાંઇ પણ ફીકર કરીશ નહિ. જોજે ઉર્વશી થોડાજ સમયમાં અહિં આવી પહોંચશે

ચંદ્ર—આપની કૃપાથી મારી ચિંતા ઓછી થઇ છે, મહારાજ પધારજો ને સેવકનું આટલું કામ પુરૂં કરી આપજો.

નારદજી!— બહુ સારૂં (સ્વગત) વાહ! મેળનો મજાનો આવ્યો છે. હવે બંદાને લડાઇ જોવાની મજા પડશે વાહ! પ્રભુ! કેવો તાલ જમાવ્યો છે,

આવ્યો મજાનો તાલ, યુદ્ધ જોવાનો સારો
દયા કીધી ગોપાલ. પ્રસંગ એ લાગે પ્યારો
બ્રહ્માકતા જ્યારે ક્રોધમાં જન્મજ મારો
યુદ્ધ લાગે પ્યારૂં. થયો એહ સ્વભાવ મારો
ઘણાં યુદ્ધ જોયાં. પણ નરહરિયુદ્ધ જોયું નથી
પ્રસંગ આવ્યો આજ, જોઇશ પ્રત્યક્ષ એ હોંસથી

હવે આ કાર્યમાટે શો પ્રપંચ કરૂં કે જેથી તુરતજ પાર પડે

(જરાવાર રહી) હા, યુક્તિ તો મજાની જડી. અહીંથી પ્રથમ પ્રદ્યુમનને ઘેર જઈ તેને ઘોડીની શોભાનું વર્ણન કરી તે લેવા લલચાવું એટલે પછી દ્વારિકાથી યુદ્ધની કંકોત્રી ડાંગવપર લખાય. ત્યાર બાદ ડાંગવે પણ લીધેલું હોવાથી તે ઘોડીને પ્રાણુન્તે પણ આપવાનો નથી. તેમ તે કેવળ અસમર્થ હોવાથી જરૂર રાજાઓને શરણે જવાનો. અને રાજાઓમાં પણ પાંડવો વગર શ્રી કૃષ્ણ સાથે દુશ્મનાવટ વ્હોરે તેવો કોઈ નહિ હોવાથી જોઈ લો માણુરાજા નર નારાયણનું તુમલ યુદ્ધ, ધન્ય પ્રભુ! તેંમને પોતાનું મન બનાવી ઠીક બંધો આપ્યો છે. કર્તા તું ને નિમિત હું—જાય છે.

પ્રવેશ ત્રીજો

સ્થળ–ડાંગવનું દીવાન ખાનું

પાત્રો– ડાંગવને ઉર્વશી.

ઉર્વશી–સ્વગત–અહા! કર્મ રેખા કર્મ રેખા! તારી ગતી ગહન છે. બ્રહ્માદીકથી પણ તુ અનિવાર્ય છે. તો હું સંસાર રૂપી અટવીમાં રખડતી બિચારી બાળા કોણ વિસાતમા? જે કર્મની ગતી વડે શ્રી વિષ્ણુ પરમાત્માને અનેક જન્મો ધારણુ કરી સુખ દુખાદી અનુભવવાં પડે છે. શ્રી શંકરને પણ જેમ ભીષ્માસુરના ભયથી ચઉદ લોકમાં નાસવું પડયું હતુ તેમ દુખમાં ડુબવું પડે છે. શ્રી વિધીની તો વિસાતજ શી.? ને તેમની આગળ ઇંદ્ર તો રાંકડો મછરની ગણુતીમાંજ

કર્મ વિવશ થઈને હરી, ધરીયુ રામનું રૂપ
સીતા સીતા બોલતા ભટક્યા રખી કુળ ભુપ

ભટક્યા રવીકુલ ભુપ. ભરાયાં નેત્ર પાણી
વાનર મૈત્રી કરી સીતાની શુધિ આણી.
સમુદ્ર બાંધી પાજ લંકામાં જઇ યુદ્ધ કીધું
લક્ષ્મણ પડ્યા રણમાંજ ઉછળ્યો શોકનોસીંધુ
હનુમાન લાવ્યા ઓષધી લક્ષ્મણજી બેઠા થયા
રોળ્યો રાવણ રાજ બહુ દુખે સીતા મળ્યાં

અરે ત્યારે હું કોણ માત્ર. વાહ કર્મ તારી ગહન ગતિ. નંદન વનની કંદરામાં સખીયો સાથે કલ્લોલ કરતી ઇંદ્ર ભુવનમાં પરમાનંદ ભોગવતી તેવામાં સુભાગ્યે મહાત્મા દુર્વાસાનાં દર્શન થયાં પરંતુ મારા પુર્વ જન્મનાં પાપોએ કરી તે મહાત્માની સેવા કરી વર મેળવવા કરતાં દુષ્ટ પાપોએ મને ફસાવી જેથી મારા હૃદયમાં ગર્વનો અંકુર પ્રકટયો જે ગર્વે કરી હું મહાત્મા દુર્વાસાને નિમીત્ત કરી આભુમંડલ પર પડીને ઇંદ્ર મહેલને તજી આ પામર રાજાનાં ફંદામાં પડી. વાહ કર્મ તારી ગતિ, જેથી થઇ મારી ગર્વિષ્ટ મતી.

અભિમાને રાવણ પડ્યો, કુંભકરણ પણ તેમ
હિરણ્યકશીપુ હિરણ્યાક્ષનો, નહિ થયો કુશલ ક્ષેમ

તેટલામાં ડાંગળ આવે છે.

ડાંગવ—સ્વગત—ખરેખર આ સ્વર્ગ બાળા પોતા પર આવી પડેલા સંકટને સંભારી ખિન્ન વદની જણાય છે ખરેખર તે ખિન્ન કેમ ન થાય! ક્યાં ઇંદ્રનું ભુવન, ને ક્યાં મારો આ મહેલ, જમીન આકાશનો અંતર પણ વાહ દૈવ એ અનુપમ લાવણ્ય મયી મુર્તી મારા કર્મમાં પણ લખ્યો હશે. જેથી મને તેનો મેલાપ થયો. આલ જીવ તેને ધીરજ આપી તેના મનની સાંત્વના

કરૂં—પાસે જઈ—'સ્વર્ગીય બાળા!' તારા અનુપમ સૌંદર્યને તેં ભોગવેલા વઇભવની તુલના કરતાં મારા વઇભવમાં અનંતગણો અંતર છે, તે વાત ખરી છે તોપણ તારે ખિન્ન થવાની જરૂર નથી. કેમકે ભાવી મટતું જ નથી મારાને તારા જન્મ જન્માંતરના કોઈ સંસ્કાર યોગે આપણો પરસ્પર મેળાપ થયો છે જે તારેને મારે રાજી ખુશીથી અગર નારાજીથી પણ સ્વીકાર્યા વગર છુટકોજ નથી; માટે શાસાટે ઉરને નાહક સંદગ્ધ કરે છે.

સુખ દુખ સમાન લેખવી, ભોગવવા સહુ ભોગ
કર્મ વિવશ આવી મળે, દઇવ કરે સંયોગ

દઇવ કરે સંયોગ માટે છોડી દે ઉદાસી
ધરી ધીર મન સાથ, વૃત્તિ કરો પ્રેમની પ્યાસી

ધારો ઈંદ્રનો મહેલ, માહરી આ સુની હવેલી
સુખ દુખ કારણ મન, તેમાં દો શાંતિ રેલી

તો તો સુખે દીન વીતશે, નહીં તો દુખમાં ડુબશો
પ્રારબ્ધ ભોગવે છુટકો, રાજી કે મન ખિન્ન થશો

ઉર્વશી—ખરેખર આ રાજા બુદ્ધિમાન જણાય છે, કેમકે પોતે પોતાના વૈભવોને પોતાની જીભથીજ ઇંદ્ર ભુવન આગળ છેક હલકા ગણે છે તેમ જ્ઞાનથી પણ વેષ્ટીત છે માટે પ્રારબ્ધાંનુસાર મારે એની સાથે વઇભવ ભોગવ્યા વગર ચાલે તેમ નથી વળી મુર્ખ કરતાં દરિદ્રી પણ જ્ઞાનીનો સંગ સારો ગણાય છે.

દરિદ્રી જ્ઞાની સંગ, ઉત્તમ ધનાઢ્ય મુર્ખથી
તરસ્યા તું જીવડા, સંગ સેવવા સુખથકી

ગાયન—૨૦ મું

ઊર્વશી—
નથી ઉદાસ, પ્રીતમ પાસ, તમારી દાસ, જાણોને ખાસ
દંભવ—થયો આભાસ, તજ્યો વિલાસ,
તેથી ચેતાવી થશોના નીરાશ
ઉર્વશી—ઉદાસી-ન જાણો મને પ્રાણુ પ્યારા
જાણું છું તમોને નયનના તારા
દંગવ—ખામી શી હોયે, સર્વોત્તમ મનાયે
ઇંદ્ર બન્યો જેનો દાસ-થયો૦

દંગવ—પ્રેમ કટાક્ષી: કમલ નયની: તું તો સૌંદર્યને પ્રેમની અધિ દેવી છે મને તારા સંગથી અત્યુતમ આનંદ થયો છે અત્યારે હું પોતાને ઇંદ્રથી પણ અધિક સુખી માનું છું

ઉર્વશી—રાજના તમારા ઉપદેશથી મને અહીં મૃત્યુ વહાભવો પણ ઇંદ્રના વૈભવ કરતાં ઉત્તમ જણાય છે. તેમાં વળી તમારામાં રહેલા ઉત્તમ સદ્દગુણોએ મારા ચિત્તને વશ કરી લીધું છે હું દેવ લોકની નાયકા છું, તેથી અમારો ધર્મ ઉત્તમ ધર્મનીષ્ટ પુરૂષોની દાસી તરીકે સેવા બજાવવાનો છે તેથી જેવી સેવા હું તન મનથી મહારાજા ઇંદ્રની કરતી તેવીજ સેવા તમારી કરવા ચુકીશ નહીં.

દંગવ—ધન્ય બાળા ! તમારી બુદ્ધિની બલીહારી છે, હવે ચાલો આપણે વિલાસ ભુવનમાં જઇએ.

ઉર્વશી—ચાલો પ્રાણુનાથ.

દશ્ય—(અંતરીક્ષથી અપ્સરાઓની આશીષ.)

સુણી થાજે તું શાણી સાહેલી
માનવ લોકમાં હેજે રંગ રેલી (૨)
સાહેલી તું તો કરજે આનંદથી કેલી (૨) સુણી૦
સંસારી સુખ છે સહુ, જીવવિશે સમાન
ઇંદ્ર ઇંદ્રાણી ભોગ પણ, સુવર સુવરી સમ માન–સુણી૦

પ્રવેશ ચોથો

સ્થળ બળભદ્રનું ઘર

પાત્રો–સ્ત્રીઓ પ્રદ્યુમન નારદજી પાછળથી યાદવો શ્રીકૃષ્ણ બળભદ્રાદિ વિગેરે. (શંકિત દર્શન)

સ્ત્રીઓ– ધન્ય ધન્ય મહા માયા અંબીકા ચોદ લોકમાં તારૂં છે નામ
કરો ભકતોનાં કામ, દાસી ભગવાન, મહેર કરો અમપરે
હરી હલ ઘરે ઉત્સવ ઉજવ્યો ચોદલોકમાં થાવાસનમાન
પુજ્યાં ભગવાન, ધરે યોગી ધ્યાન, મહેર કરો અમપરે
દેવ કાર્ય કર્યાં તમે નવ નવાં માર્યાં રાક્ષસ દુષ્ટ અપાર
સંતોષ્યા બાળ કુમાર, વંદીએ વારંવાર, મહેર કરો અમપરે

(સ્ત્રીઓ જાય છે તેટલામાં પ્રદ્યુમન આવે છે.)

પ્રદ્યુમન– સ્વગત–દાદાની આજ્ઞા મુજબ મહોત્સવની સઘળી તઈયારી મેં કરી દીધી છે હવે ફકત સૌ આવ્યા પછી પીરસવાની તઈયારી કરવાની છે (જરા વાર રહી) અરે હજુ સુધી કેમ કોઈ આવ્યા નહી તેટલામાં નારદજી આવે છે તેને જોઈ

પ્રદ્યુમન– પધારો દેવર્ષિવર્ય! ઘણું સારૂં થયું કે આ ઉત્સવને સમયેજ આપ પધાર્યા! (તુરતજ આતિથ્ય કરી આસનપર બેસારે છે)

નારદજી— પ્રદ્યુમના આજે મને તું બહુજ કામકાજમાં ગુંથાયેલો લાગેછે નહીંવારૂ?

પ્રદ્યુમન—કૃપાલુ! વડીલની આજ્ઞા પાળવી એપુત્રનો ધર્મ છે. વળી સઘળા ભાઈઓમાં હું મોટો માટે આવા તમામ કામની બાબે ફીકર રાખવી પડે તેમાં કંઈ નવાઇ નથી કાંઈ આજ્ઞા હોય તો જણાવો

નારદજી— આજ્ઞા તો કંઈજ નથી પરંતુ પ્રદ્યુમન તારાપર પ્રિતિને લીધે એક શુભ શમાચાર આપવા આવ્યો છું સાંભળ

આકાશ માર્ગે જતાં દીઠી એક બાળા નૌત્તમ
ડાંગવરાયને ઘેર સ્વરૂપ તેનુ શું ઉત્તમ
રૂપે હારી જાય દમયંતી નળની નારી
શોભાઅદ્ભુ્કી હોય વલી પચરંગી સારી
ચૌદલોકમાં હું ભમું આવી દીઠી દીઠી નથી
કાદવ પડીયું રત્ન જોઇ શોચ થયો મમ ઉરથી
શોચ થયો મમ ઉર, ડાંગવ ઘર નવ શોભે
લાયક પ્રદ્યુમન ચેતાવું, મનમાં લોભે
વિચાર એવો કરી આવીયો હું તુજ પાસે
હોંસે મેળવ નેહ, સ્વાર થઇ ફર ઉલ્લાસે
કાણુ માત્ર એ રાય છે. સિંહ આગળ શિયાળ જેમ
કૃષ્ણ તન તો તું ખરો, જો લાવે એને જેમ તેમ

પ્રદ્યુમન—ધન્ય મહારાજ! મારા માટે આપની આટલી બધી લાગણી છે તે જોઇ હું આપનો મોટો ઉપકાર માનું છું પરંતુ

લાવું એને ખરો, જીતીને ડાંગવ રાજા

આચાર શું રાખવી, પિતુ દાદાની માળ
જાણી નજીની વાત, ઉડાવી દે શું કરવું.
યુક્તિ બતાવો મુનેશ ગુંચવણમાં નવ પડવું

નારદજી— અરે! મારા પાસે યુક્તિનો ક્યાં ટોટો છે ? સાંભળ! અત્યારે જમવાની વેળા થઇ છે: તેથી હમણાંજ સઘળા જમવા આવશે: માટે જલ્દી ઘેર જઈ રીસાયાનો ડોળ કર, ત્યાર બાદ અહીં સૌ આવી ગયા પછી તને આવેલા નહિ જાણી જરૂર દાદા તને બોલાવવા સેવક મોકલશે. પરંતુ યાદ રાખજે કે સેવકને બીલકુલ જવાબ આપતો નહિ. અને આમ થવાથી દાદા પોતે તેડવા આવશે ત્યારે તેમના પાસેથી વચન માગી પછી જજે.

પ્રદ્યુમન— વાહ મહારાજ! યુક્તિ તો બહુજ સરસ બતાવી છે. હવે તેમજ કરીશ.

નારદજી— (સ્વગત) પાટીઉં તો સચોટ ચોટી ગયું છે, માટે કંઈ ફીકર નહિ. હવે નાહક અહીં ખોટી થવામાં માલ નથી. (પ્રદયુમનને) હવે જલદી ઘેર જા નહિંતો સર્વે હમણાં જ આવશે.

પ્રદ્યુમન— સારૂં મહારાજ જાઉં છું. (જાય છે.)

નારદજી— બસ હવે બેડો પાર. (જાય છે.)

(તેટલામાં શ્રી કૃષ્ણ બળભદ્ર. સાત્યકી ઉદ્ધવ. ને પ્રભુ પુત્રો વગેરે આવે છે:)

બળભદ્ર— સાત્યકી તું ગણી જો કે સર્વ આવી ગયા છે કે નહિ

સાત્યકી— (સર્વે ગણી પ્રદ્યુમનને બાકી રહેલા જાણી બળભદ્રને)

એક પ્રદ્યુમન વગર સૌ આવી ગયા છે.

બળભદ્ર— અરે હજુ સુધી પ્રદ્યુમન કેમ આવ્યો નહિ હોય ! (સેવકને) સેવક ! જલદી જઈ પ્રદ્યુમનને બોલાવી લાવ (સેવક જાય છે) (તેટલામાં દેવી અંબીકા પ્રકટ થાય છે. તેને જોઇ.)

શ્રી કૃષ્ણ— અરે આ કોણ ? ખરેખર આતો સાક્ષાત દેવી અંબીકા. પોતાની અમોએ બજાવેલી સેવાથી પ્રગટ થઇ પ્રત્યક્ષ દર્શન આપી કૃતાર્થ કરવા આવેલાં છે. બોલો અંબે માતકી જય:

સર્વે— એક (અવાજે) અંબે માતકી જય.

દેવી— ચકિત થઇ સ્વગત—અરે જે કરોડો બ્રહ્માંડોનો આધાર છે. જેની આજ્ઞામાં હું, કાળ, બ્રહ્મા વિષ્ણુ, મહેશ ને ઇંદ્રાદિ દેવો વર્તીએ છીએ. તે મારૂં કેટલું બધું સન્માન કરે છે અહા ! તે મારા સેવ્ય છતાં સેવક હોય તેમ બતાવે છે. ખરેખર ! મોટાઓ જો નાનાને માન આપે તોજ તેમને નાનાઓ તરફથી બહુજ માન મળે છે. ને તેમ કરવામાં તેમની મોટાઇમાં કશી પણ ન્યુનતા થતી નથી. એ જન સમુદાયને શીખવવા માટેજ પ્રભુએ મને માન આપેલ છે. (તુરતજ શ્રી કૃષ્ણને પ્રણમીને) જય જગત ગુરૂ આપને હું વંદન કરૂં છું.

તું સર્વેશ મહેશ રૂપ થઇને, લીલાર્થ માનવ થયો
નિર્ગુણને આકાર હીન તદપિ, ગુણોને ધારી રહ્યો
કોટી બ્રહ્માંડમાંહી શકિત તારી, સર્વત્ર પ્રસરી રહી
અંગીકાર કરો પ્રણામ મારો, દાસી ગણી શ્રી હરિ

(ઉપર પ્રમાણે સ્તુતિ સાંભળી.)

શ્રી કૃષ્ણ— હે અંબે ! આજે મેં તારી સેવા કરી. મનુષ્ય લોકમાં

તારી ભક્તિ પ્રવૃત્તિ કરી છે માટે જે જે મનુષ્યો તને
પ્રેમ ધરી પુજે તેના મનના મનોરથ પુર્ણ કરજે.

ઋષી— જેવી કૃપાળુની આજ્ઞા—(ફરી પ્રણામ કરી જાયછે તેટલામાં
સેવક આવે છે)

સેવક— બહુ સાદ કરી હું થાકી ગયો પણ ઉત્તર એક મળ્યોજ નહિ.
કૃપા સિંધુ આપ ગયા વિણુ નાવે રખે એહ રીસાયા કંઇ

બળભદ્ર— કેમ એ રીસાયા હશે. સુઝ પડે નહીં કંઇ
હમણાં આવુ છું કૃષ્ણ પુત્રને સાથે લઇ.

ગાયન ૨૧મું

શ્રી કૃષ્ણ

નહી જરૂર, નહી જરૂર, મનાવાની પુત્રને
થશે અસુર, થશે અસુર, ચલાવી લ્યો સુત્રને
રીસાવાની કુટેવ પડશે એકનું જોઇ બીજા કરશે
આપણે પુત્રોનો નહી ટોટો રોજ રોજ તમને નડશે
માટે કહું છું ભાઇ માનો નહી ભુરાઇ (૨)—નહિ૦

બળભદ્ર—એ સત્ય જે વદીયા તમે, પણ મટે બાલક માટ તે
જ્યેષ્ટ ને વલી ચતુર પ્રદ્યુમન શા ઉચાટ છે.
હમણા તેડી લાવું તેને, વાર નવ લાગે ક્ષણું.
શું દુખ પ્રકટયું પુત્રને, જે બેઠા લઇને રૃષણું (જાય છે)

શ્રીકૃષ્ણ—(ઉદ્ધવને) બલભદ્ર નહાક આપણને ખોટી કરી છોકરાની
છોકરવાદી પર મનામણાં કરવા ગયા છે. છોકરાતો રીસાય
આપણે છોકરાંનો ક્યાં ટોટો છે. એનું જોઇ રોજ ઘણાં
રીસાતાં શીખશે ને નાહક મારે પીડા ભોગવવી પડશે.

[illegible]વ—કૃપાળુ ! એતો એમજ ચાલે. છોકરાં રીસાય ને મોટેરા હોય તે મનાવા જાય. જેની ઉપર આપની કૃપા હોય તેજ રીસાય કેમકે તેને મનામણા કરનાર વડીલ હોય. જેને વડીલ ન હોય તે રીસાય કોની સાથે. ને કદાચ રીસાય તો ખાસડાં ખાય. પ્રભુ ! પુત્રો પ્રત્યે લાડની રીતી પ્રથમથીજ ચાલી આવી છે.

(તેટલામાં પ્રદ્યુમનને બલભદ્ર આવે છે)

પ્રદ્યુમન—સ્વગત—દાદાએ ઘોડી મંગાવી આપવા વચન આપ્યું છે માટે હવે બેડો પાર ! ઘોડી મળતાં નહિ કંઇ વાર—

(પ્રભુના બીજા પુત્રો મોટા ભાઇ શામાટે રીસાયા છે તે જાણુ- વા તાલાવેલી કરે છે. (ઉચા નીચા થાય છે) તે જોઇ હસતા)

બળભદ્ર— પુત્રો ઉતાવળા ન થાઓ ! હમણાંજ તમોને ભાઇના રીસાયાનું કારણ જણાશે. (ઉગ્રસેનને)—મહારાજા ! પ્રદ્યુ- મન રીસાયાનું કારણ માત્ર એટલુંજ છે કે તેણે સાંભળ્યું છે કે રાજા ડાંગવને ત્યાં પચરંગી ઘોડી છે. તે તેની પાસેથી લઇ પોતે રાખવા માગે છે માટે કૃપા કરી ડાંગવ પર પત્ર લખો કે તુરતજ ઘોડી પ્રદ્યુમન માટે મોકલી આપે.

ઉગ્રસેન— બહુ સારૂ બલરામ (પ્રદ્યુમનને) પ્રદ્યુમન ! ફકત આટલા નજીવા કારણ માટે રીસાયા ! એમાં રીસાવાનું કશું કારણ હતુ નહિ જો કહ્યું હોત તો તુરતજ પત્ર લખી મંગાવી આપત. (તુરતજ પત્ર લખી સેવકને આપી કહે છે) સેવક ! આ પત્ર લઇ દક્ષીણ દેશના રાજા ડાંગવને આપી તેનો પ્રત્યુતર લઇ વ્હેલો આવજે.

સેવક— જેવી મહારાજાની આજ્ઞા— (સેવક જાય છે)

પ્રવેશ પાંચમો

સ્થળ—નફટનું ઘર

પાત્રો—નફટ નવી પાછળથી જુની

નફૂટ—સ્વગત

વિષમ કાળની ગતિ, રાયને રંક બનાવે
વિષમ કાળની ગતિ, રંકને રાય બનાવે
વિષમ કાળની ગતિ, મુરખ માણે બહુ મોજે
વિષમ કાળની ગતિ, ચતુર નર સહે દુખ બોજે
ખાનાર ત્યાં કંઇ ધન નહિ, ધન ત્યાં નહિ ખાનાર
ફૂકકડને સ્ત્રી એક નહિ, મુરખને ઘેર ચાર

વાહ દુનિયા તારા દેદાર (જરાવાર રહી)

અરેરે હું કેવો નિભાગી કે મારા ઘરમાં પુરતા પૈસા છતાં મને કોઈ કન્યા પરણાવતું નથી. જ્યારે પેલા પ્રેમલાને બે સ્ત્રીઓ મલી છે. કે જેની અકકલનું હું શું વર્ણન કરૂં ! બેઠા બેઠા સ્ત્રીઓના માર ખાય છે.

બાયડીના માર ખાય, પશુ થકી પણ નીચો
મરદ મટીને ગયો, સુણુ હીણુ થાય છે
બાયડીઓ પણ હોય, ખુમારીઓ રાખે ઘણી
સ્ત્રીથી પણ ભેદ થયો, ધીક ધીક એની કાય છે

અરે નસીબ તારી બલીહારી છે. (જરાવાર રહી)—પરંતુ હા હું જાણું છું કેમકે મારાં મા બાપ મને નાનો મુકી મરી ગયાં મોટા થતાં પૈસો દેખી નીચ માણસો પડખે ચડયા જેથી મારા પણ

પઇસાનું પાણી થયું એટલે નકામાં નીચ કામમાં ગયા. તેથી એકતો પઇસા ગયા ને નીચ માણુસોમાં ગણાયો તેથી કોઇ કન્યા આપતું નથી. પ્રેમદન્તને બાપ છે તેથી નમાલો છતાં એકને બદલે બે કન્યા મલી છે. કેમકે બાપની હઇયાતીમાં પરતંત્રતાથી નીચ સોબતમાં રહયો નહિ. પણ માત્ર મુરખ રહયો. તે પણ મારા સારા નશીબે. કેમકે ચાલાક હોતતો તેની નવી જે યોવન મદમાં ઘેલી ને વળી સાહુકાર મા બાપની દીકરી ને વળી જાતે જાત વાળી મને ચાહત નહી ખરેખર તે તો તેની સ્ત્રી નામનીજ છે તેનો છોકરો કપુડીયો તે પણ મારો પોતાનોજ છે. કેમકે કાલે બંને સ્ત્રીઓએ તેને માર્યો ત્યારે તે છોકરો કહેતો હતો કે બાપાને ખુબ મારો ખરેખર પારકું લોહી કોઇ દિવસ તપેજ નહિ ને તેટલાજ માટે શાસ્ત્રો કહે છે કેઃ—

પુરૂષ વર્ગે સદા એક સ્ત્રી પરણવી પર સ્ત્રી માનવી માત ભગીની
પતિવ્રતા ધર્મ સ્ત્રીએ સદા પાળવો રાખવી ઇશસમ તેથી લગ્ની,
આમ સ્વધર્મ પાળે પ્રજા થાય સો ધર્મ નીષ્ટ વિવેકી સુભાગી
એકોતેર પેઢી ઉદ્ધરે એક સુ પુત્રથી કીર્તિ ડંકા રહે વિશ્વવાગી

ધર્મ તજતાં થાય છે વર્ણસંકર પ્રજા સકળ
ઉભય લોક દુઃખ આપીને કુબે ડુબાડે એ ખલ

વાહ શાસ્ત્ર રચનારાની બુદ્ધિ—(જરા વાર રહી) અરે મારી વહાલી નવી હજુ ન આવી? (તેટલામાં નવી આવે છે. તેની પાછળ જુની આવે છે. તે તેને આ દુષ્ટના ઘરમાં જતી જોઇ હેબકાઇ જાય છે. ને તે શું કહે છે તે છુપાઇ જઇ સાંભળે છે.)

નવી—કેમરે મારા ખરા ગુણીયલ ભરથાર
દુષ્ટ પ્રેમદતને આમો બંને મલી કેવો માર્યો માર.

નફ્ટ—વાહરે વાહ ! નાજુક નાર, ખરે ખરી છે। ખબર દાર
મારા ઉપર તારો પ્રેમ અપાર—

જુની—સ્વગત—અરે રાંડ શંખણી. કાળા કામની કરનારી. રાંડ મને રોજ પોતે પતિ સૂતા છે એમ ખોટો ડોળ દેખાડે છે પરંતુ આ આખા ગામના ઉતાર દુષ્ટ નફ્ટને રાખી બેઠી છે. ને તેનેજ પોતાનો ધણી માને છે. જરા વાર જોવા દે કે તેમનો પ્રેમ કેવો છે?

ગાયન ૨૨મું

નવી—
વાહરે વાહરે મારા ગુણીયલ પ્યારા
જાણું જાણું તમોને, નયનના તારા—વાહરે૦
યૌવન દાન દેવા આવી અધરામૃત પીવા આવી
મેં તો જાણી લીધા છે પ્રાણ આધારા—વાહરે૦

નફ્ટ—હું છું તારા પ્રેમે ઘેલો રસબસ રસબસ છેલ છબીલો
તારા જેવી ક્યાંથી મળે મને દારા—વાહરે૦

નવી—પ્રેમદત્તને ઉર નવ આણું સાચા પતિ તમને પરમાણું
પ્રીતે તને સેવું આનંદના ક્યારા—વાહરે૦

જુની—સ્વગત—અરરર રાંડ કેટલા નખરા કરે છે. ખરેખર મનમાં તે જાણતીજ હશે કે અહીં કોઇ નથી કેમકે હું છાની માની આવી છું તે તેને ક્યાંથી ખબર હોય ? (જરા વાર રહી) પણ રે અત્યારે જો હું આમ જોઇને ચાલી જઇશ ને ઘેર જઇ તેને તે વાત કરીશ. તો સામી સ્ત્રી ચરિત્ર ભજવવામાં બાકી નહિં રાખે માટે તેને ખુબ મોચડા દઇ દેવાદે

(એમ વિચાર કરી પ્રત્યક્ષ થાયછે. તેને જોઇ બંને ઝંખવાણાં પડી જાય છે ત્યાર બાદ નવીને કહેછે)

કેમરે રાંડ ;

પીયેર જવાનું કહેતી કાલે. તે આ તારૂં પીયેર કે ?

નહાક મુજને રખડાવી તું. ભર્યાં પીયેરમાં રહેત સુખે

ધીક્કાર છે તને કે રોજ પતિવૃત્તાનું ડોળ ઘાલી મને છેતરે છે.

ગાયન ૨૩મું

જુની—ધિક્કાર ધિક્કાર નવી તુજને ધિક્કાર

તને આવી ન્હોતી જાણી મહા કુંટમા કુખાણી

થઇ નફ્ટની શેઠાણી નાક કાપ્યું લઇ તાણી

મન ગમે ત્યાં મ્હાલે મસ્તાની ડહાપણ તારૂં મેં જાણ્યું

ચોકળ તારૂં નજરે જોયું પર પુરૂષ સુખ તેં માણ્યું

નવી—જાણી તને ખબરદાર જાણી તને આબરૂદાર

ચુપ રહેને લગાર મોત આવ્યું આણી વાર

શું રે જુઓ તમે પ્રાણ પતિ ઝટ પટ પકડો એ રંડા ને

બંધન કરી મુખ ડુચો દઇને ગૃહ પુરો દઇ દંડાને—જાણી,

નવીનો ઇસારો થતાજ નફ્ટ જુનીને પકડી, નીચે પાડી. એક દોરડું લાવી બાંધી દેછે. તે વખતે જુની, જનદેવ. જનદેવ એમ કેટલીક બુમો પાડે છે,

નવી— અત્યારે તારો જનદેવ તને છોડાવવા આવે તેમ નથી. હવે તો ગઇ સાસુજીની સેવા કરવા, પરલોકમાં. રાંડ બહુજ બડાકા મારતી હતી. ને ગાળો દેતી હતી. હવ તું મરીશ એટલે હું કેવળ સ્વતંત્ર થઇશ, પછી મારા નફ્ટ સ્વામીનાથને બડી પબે

મળીશ ને અમન ચમન કરીશ. શું રાડો પાડે છે (નકુળને) મોઢે ડુચો દ્યો (તુરતજ ડુચો દે છે) ચાલો પેલા ઘરમાં પુરી દઇએ ત્યાં બે ત્રણ દિવસ ભુખી તરશી મરી જશે-
(બંને ઉપાડી જાય છે-)

પ્રવેશ. છઠ્ઠો

સ્થળ. ડાંગવનું દીવાનખાનું.

પાત્રો—ડાંગવ, તેનો પ્રધાન, દ્વારીકાંથી દુત પાછળથી. ઉર્વશી. ને તેની સખીયો.

ડાંગવ—પ્રધાનજી; આજ કાલમા સર્વો-તમઉન્નતિ. તો આ સમગ્ર ભુ મંડળમાં પાંડવોનીજ જોવામા આવેછે. એકતો પાંચે ભાઇ સત્ય વાદી. ને મહાન પરાક્રમી છે. વળી બીજી બાજુએથી. તેમને શ્રી કૃષ્ણનો પક્ષ છે જેથી તેમના બળ સામા ટક્કર લેવા આ પૃથ્વીમાં કોઇજ નથી. દુર્યોધના દિએ તેમને દુઃખ દેવામાં બીલકુલ કચાશ રાખી નથી. છતાં પણ પ્રભુ કૃપાએ તેમની ઉન્નતિ વિશેષ ને વિશેષ થતી ગઇ છે. વાહ પ્રભુ તારી લીલા. અ ગાધ છે.

પ્રધાન—હા મહારાજ; સંત પુરૂષો કહે છે કે સત્યના બેલી પ્રભુ છે. તે આવા પવિત્ર પાંડવોના પક્ષમા કેમ નહોય ? ને જેની પક્ષમાં પ્રભુ હોય તેનો વાંકો વાળ થાયજ નહિ એક સજ્જને કહ્યું છે કે

જેટલા તારા ગગનમાં એટલા શત્રુ હોય
પણ રઘુનાયક શરણ જો, વાળ ન વાંકો હોય.

માટે પાંડવોને સતાવતા અને દુષ્ટ દુર્યોધનનોજ ક્ષય થશે
(તેટલામાં દ્વાર પાળ અંદર પ્રવેસ કરી મહારાજને નમનકરી)

દ્વારપાળ—મહારાજ ! દ્વારીકાંથી કોઇ દુત. આવેલો છે. તે આપને
મળવા ચાહે છે.

હંસધ્વજ—સ્વગત–રે દ્વારીકાંથી દુત શા માટે આવ્યો હશે ?
(દ્વાર પાળને) જલદી તેને બોલાવી લાવ—
(સેવક જાય છે ને દુતને તેડી અંદર દાખલ થાયછે,)

દુત—મહારાજા ઉગ્રસેને આ પત્ર આપ્યો છે, તેનો જવાબ મને
લખી આપો એટલે હું વિદાય થાઉં
(હંસધ્વજ હાથમાં પત્ર લઇ વાંચે છે વારંવાર વાંચી હાય કરતો
ભુમીપર પડે છે. પ્રધાન તેને સાવધ કરે છે એટલે ઉઠી-)

ગાયન ૨૪મું

હંસધ્વજ— વાંચી પત્રજ રે ફાળ પડી છે અંતરમાં
વારે વારે વાંચ્યો લઇ કરમાં– વાંચી
હવ શું કરવું પડયો ડરમાં– વાંચી
વેર કૃષ્ણજી શું આજ મુજને થયું
વચન વૃથા કેમ કરે હેસુ
મારૂં આયુષ્ય હવે નીશ્ચ્ય ગયું– વાંચી.
દુષ્ટ કંસ વેર કરી પતન થયો
જરાસંધ રાજા હારી હેઠો થયો
બાળપણે ગોવર્ધન ધારી રહયો– વાંચી.
એનું ચક્ર સુદર્શન તેજ ધારી

કોઇ થકી શકાય નહિ તેહ વારી
મોટા મોટા રાજા ગયા જેથી હારી—વાંચી૦
બળી મરવું એ રસ્તો છે ઉત્તમ
વૈર પ્રભુ સાથે ફુટયાં મારા કરમ
ઘોડી અપાય કેમ ખાધા કસમ—વાંચી૦

પ્રધાન—કૃપાળુ ! આટલા બધા કેમ ઉદાસ થઇ ગયા છો ? પત્રમાં એવી શી ભયંકર આફત આવી પડે એવી બીના છે. તે કૃપા કરી જણાવશો ?

દંડક—પ્રધાનજી ! દ્વારીકાંથી ઉગ્રસેન મહારાજા લખે છે કે શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમન આપણી પચરંગી ઘોડી માગે છે. જે તેને આપણે ન આપીયે તો યુદ્ધ કરવાનું કહે છે. પરંતુ તમોને ખબર તો હશે કે દશ હજાર ધનુર્ધારીયો સાથે લડે તે મહારથી, ઘણાની સાથે લડે તે અતિરથી, એકની સાથે લડે તે રથી ગણાય તે ગણતરી પ્રમાણે હું રથીની પંકિતમાં ગણાઉં છું, વળી શ્રીકૃષ્ણનું એક ચક્ર ને બળભદ્રનું હલ મારે તો ચૌદલોકનો પલવારમાંજ નાશ કરી શકે. તો હું રથી તે તેઓ આગળ શી ગણતરીમાં વળી શ્રીકૃષ્ણના. એક લાખ ને સાઠ હજાર પુત્રો તમામ મહારથીયો છે. તેમની સાથે યુદ્ધ કરતાં એક ક્ષણમાં હું ચાંચડની માફક ચોળાઇ જાઉં તેથી યુદ્ધની વાત. કરતાંજ આપણે બહુજ વિચારવાનું છે. કેમકે તેમની સાથે યુદ્ધની વાત પણ કરવી એ સુર્ય સામે પતંગીયાની હરિફાઇ કરવા જેવું છે માટે યુદ્ધની વાત સાંભળતાજ લોક પણ હસ શે. કેમકે જ્યાં યુદ્ધમાં બાણાસુરને ભૌમાસુર ના હાલ

બગડી ગયા તો આપણે ક્યાં નિસાતમાં ? માટે બળી મરવું એ ઉત્તમ રસ્તો છે. વચન આપ્યા પછી ફરવું તે કરતાં બળી મરવું સારું. કેમકે મરી ગયા છતાં સત્ય વાદી સદા અમર છે.

ચીરંજીવી છે તેહ, બોલ પોતાનો પાળે
ભલે પડે નીજ દેહ, જુઠું ન વદે કો કાળે
સત્ય માટે વેચાયો હરિશ્ચંદ્ર મહારાજા
ચાંડાલ સેવા કરી, તદપિ મેલી ન માજા
અમર કીર્તિ પામી ગયો, સત્ય લોક સુખે વસે
આપ તર્યો તારી પ્રજા તેના સમ કહો કોણ હશે ?

માટે જો યુદ્ધની વાત કરીશ તો હાસ્ય સ્પદ ગણાઇશ જો બળી મરીશ તો અમર કીર્તિને પામીશ ને જીવવા ચાહીશ તો થોડી આપવી પડશે ને તેમ થવાથી મારું વચન જશે તો જીવતે મુવા જેવો ગણાઇશ.

જીવતે મુઓ તેહ, સ્વધર્મે કદી નવ ચાલ્યો
જીવતે મુઓ તેહ, સદા રોગે ઘર ઘાલ્યો
જીવતે મુઓ તેહ, અપકીર્તિ જેની થાએ
જીવતે મુઓ તેહ, દરીદ્રી જેની કાયે
વળી જીવતે મુઓ તેહ જાણજો બોલ્યું વચન પાળે નહિ
અબી બોલ્યા અ.બી ફોક, કોઇનું ઉકાળે નહિ

પ્રધાન— મહારાજા ! આપનું કહેવું સત્ય છે. પરંતુ સાહસ કરતાં પહેલાં મહારાજા છત્રપતિ દુર્યોધન અથવા તો મહાત્મા અર્જુન જેવા વીરોને શરણે જવું હું વધારે બાજબી ધારું છું. છેલ્લે જો તેઓ શરણે ન રાખે તો નીરૂપાએ બળી મરવું તો છેજ.

વળી કૃષ્ણ સાક્ષાત ઇશ્વર ગણાય છે જેની ઇચ્છા વગર પત્ર પણ ચાલતું નથી માટે તેની ગતી કોણ જાણે તેમજ પીડી પણ કારણ રૂપ છે. માટે તેમાં કંઈક મર્મ હોવો જોઇએ.

ડાંગવ—પ્રધાનજી! તમારી સલાહ મને વ્યાજબી લાગે છે. માટે આ રાજ્ય હું આવું ત્યાં સુધી તમો સંભાળજો. (દુતને) મહારાજા વિક્રમસેનને કહેજે કે ડાંગવ પત્રનો જવાબ પાછળથી મોકલાવશે. (દુત બહુ સારૂં કહી જાય છે)—(પ્રધાન પણ રજા લઇ જાય છે.)

ડાંગવ—સ્વગત—અહા! સત્પુરૂષોએ સભામાં સુજ્ઞ મંત્રીઓને રાખવા તેમજ જુવાનીઆઓને પણ વૃદ્ધોને પુછી કામ કરવા કહેલુ છે તેનો અનુભવ આજેજ મને મળ્યો જો મેં પ્રધાનની સલાહ ન લીધી હોત તો જરૂર બળી મરત. તેમજ જુવાનીઆઓ પણ સ્વછંદી પણાને લઇ કેમ ખતા ન ખાય?

વૃદ્ધની સલાહ લેનાર, કદી ન પસ્તાવો કરે
વિચક્ષણ સચીવ સલાહ, રાજ્યને મજબુત કરે
ઉછાંછળી બુદ્ધિ જુવાની. માંહી સૌ જનમાં જડે
આપ ધાર્યું કરતાં અંતે વિમાસણ કરવી પડે.

(તેટલામાં સાંજનો સમય થયો હોવાથી ઉર્વશી આવે છે તે રાજાને ઉદાસ જોઇ.)

ઉર્વશી—પ્રાણનાથ! આજે આપ આમ ઉદાસ કેમ જણાઓ છો? મને લાગે છે કે તમો બહુજ ઉંડા વિચારમાં પડયા છો.

ડાંગવ—હૃદયેશ્વરી! આ પત્ર વાંચ એટલે તને સર્વ વિદિત થશે.

(ઉર્વશી મનમાં પત્ર વાંચે છે. વાંચી રહ્યા પછી એકદમ ઉદાસ બની)

ઉર્વશી–સ્વગત–હાય ! વળી કર્મ યોગે આ આપતી ક્યાંથી આવી ? હરિ ! હરિ ! તું આ સંકટથી બચાવ (રાજાને) પ્રાણનાથ ! તમો કૃપા કરી આપેલા વચનને યાદ કરી મને કોઇને પણ જીવજતાં લગી આપતાજ નહિ.

ડાંગવ–સુંદરી ! મારૂં વચન કદી જીવ જતાં સુધી મિથ્યા કરીશ નહિ. તેમ તું ખાત્રીપુર્વક માનજે જો કે હું રથી ગણાઉં છું ને શ્રીકૃષ્ણ તો જગતના ઇશ્વર રૂપે અવતારી પુરૂષ ગણાય છે તોપણ હું અત્યારે મહારાજા દુર્યોધન તેમજ પાંડવોને શરણે જાઉં છું. તે પાંડવો ભીષ્મ ને કર્ણ સરખા મહારથી એ શ્રીકૃષ્ણથી કંઈ ઓછા ઉતરે તેવા નથી. માટે તું નિશ્ચીંત થા. હવે હું રજા લઉં છું.

ઉર્વશી–પ્રાણનાથ પધારજો ને વચનને યાદ રાખજો.

ડાંગવ–બહુસારૂ પ્રાણેશ્વરી ! (જાય છે)

ઉર્વશી,-સ્વગત--અહા ! વળી મારાપર આ શી આપતિ ! કદાચ આ કારણ મારા છુટકારા માટે પરમાત્માએ તો નહીજ સરજ્યું હોય ? કદાચ તેમ ન હોય તો પછી મારી શું વલે થશે. (તુરતજમુર્છીગત થાય છે. તેટલામાં આકાશ વાણી થાય છે.)

(કોરસ)

ધીરજ ધર તું ઉર્વશી આવ્યો આપનો અંત-
જલદી ભેટીશ ઇંદ્રને. માટે થા નિશ્ચીંત

ઉર્વશી—અરે આ હું શું સાંભળું છું ? ખરેખર જાણે મને કોઇ

મારો છુટકારો જલદીથી થશે તેમ કહેતું હોય તેમ જણાય છે ચાલ જીવ મને મારા વ્હાલા પ્રભુનું સ્મરણ કરી લેવા દે.
(તુરતજ આંખો મીંચી ધ્યાન મગ્ન થાય છે તેટલામાં મેનકાદિ સખીઓ આવે છે તે ઉર્વશીને ધ્યાન મગ્ન જોઇને.)

મેનકા—બ્હેનો ! ઇંદ્ર મહારાજાને ભૂલી આ આપણી સખી મદન વશ થઇ પ્રીયના વિયોગથી પીડાતી ફરી પ્રીયતમનું ચિંત્વનકરે છે

રંભા—બ્હેન તું ખરં કહે છે ? તેણે જ્યાં ઇંદ્ર મહારાજાને વિસાર્યાં ત્યાં આપણે શી વીસાતમાં ?
(ઉર્વશી જાગ્રત થાય છે પરંતુ સખીયોને જોયાં છતાં કંઇ બોલતી નથી તેથી)

મેનકા—કેમ અલી તું કામણ ગારી. જાણ્યું થઇ તું ડાંગર પ્યારી નીશદીન સીંચી અમૃત ક્યારી. અમને પણ શું તેં વિસારી !

રંભા— ખરેખરી તું છે નખરાળી. વળી રતીની ઇચ્છા વાળી. શું મોહી નરની દેહ ભાળી. ઇંદ્ર પ્રેમમાં દીધી પાળી.

ઉર્વશી— બળતીને બાળોમાં. મને સતાવો માં.
તમારે મન તો હસવું આવે. મારા ચિત્તમાં કંઇ કંઇ થાએ.

સર્વે— અનંગ રસમાં ઝીલી લાવે. શું અમો તુજ નજર ન આવે!

મેનકા-ચાલો બ્હેનો ચાલો. આપણે તો દેવ ગણુત્રીમાંજ નથી.
કેમકે મૃત્યુ લોકના નરના પ્રેમમાં એ તો ઘેલી બની છે.
બસ ! હવે તે મૃત્યુ લોકની નારી. આપણે દેવલોક અધિકારી.
માટે ચાલો ચાલો. (સર્વે જવા માંડતાં ઉર્વશી આવી તેમને પકડી, રહેવા સમજાવે છે.)

ઉર્વશી — બ્હેનો રીસાઇએ નહિ. આવો આવો આવો.

ગાયન ૨૫મું.

સખીઓ

મૃત્યુ લોકના માનવી સાથે પ્રપંચ માંડયો કેવો
પવિત્ર તારી કાયા અર્પી, જેને ઇચ્છે દેવો-મૃત્યુ

મેનકા-કામવશ તને શરમ ન આવે
રંભા-મૃત્યુ લોકનું નર તેથી ભાવે
બન્ને-ઇંદ્ર ભુલીને ડાંગવ સાથે તારે લ્હાવો લેવો-પવિત્ર.
ઉર્વશી-પારબ્ધનું બળ છે ખારૂં
વશ વર્તી છું સુખ નહી પ્યારૂં
સર્વે-કેમ સુખ પ્યારૂં નવ હોયે, છે મદન શ્રેષ્ટ એવો-મૃત્યુ.

સર્વે— કેમ અમારૂં કહેવું અક્ષરે અક્ષર સત્ય છે કે નહિ!

ઉર્વશી— નહિ નહિ સાંભળો. હમણાંજ દ્વારીકાંથી પત્ર આવેલો છે જેમાં મહારાજા ઉગ્રસેને અને ઘોડી રૂપ ધારી મહારાજા ડાંગવ ને મને સોંપી દેવા હુકમ ફરમાવેલો છે. રાજા ડાંગવ પોતે રથી હોવાથી યુધ્ધે ન પહોંચી શકે તેમ હોવાથી હસ્તિનાપુર મહારાજા પાંડવો તથા છત્રપતિ દુર્યોધન પાસે શરણુ માગવા ગયા છે. એ બાબતની મને નવી ચિંતા ઉપજી છે કે હવે મારૂં શું થશે?

મેનકા— અહા એજ કે ની! તારૂં શું થશે તે તું જાણુતી નથી! શું તું નંદન વનમાં ગાએલી રાસલીલાની વાત બીલકુલ ભુલી ગઇ કે? સાંભળ! જે. મહા પુરૂષ શ્રી કૃષ્ણુને ઇશ્વર ગણી આપ

શે તેના ગુણોનું સે રીતીએ માન કર્યું હતું તે પ્રભુ મારા સમજવા પ્રમાણે તારો ઉદ્ધાર કરવા આ પ્રપંચ રચ્યો છે છતાં જો તે વાત તારા માનવામાં ન આવતી હોય તો ચાલો આપણે વનમાં જઈ મહાત્મા શીવ ભગવાનની સ્તુતિ કરી તેને પ્રસન્ન કરી. તારા. છુટકારા માટે પ્રાર્થના કરીએ તે ભોળાનાથ તારૂં કલ્યાણ કરશે.

ઉર્વશી— હા કદાચ તેમ બને. ચાલો આપણે.

વિપ્રચીત્તી— વાહરે વાહ બ્હેનો. હવે તો આપણી સખી ઉર્વશીની ડાંગવ સાથેની છેડાછેડી જલદી શીવ ભગવાન છોડી આપશે. માટે ચાલો.

પ્રવેશ સાતમો.

સ્થળ. વન.

પાત્રો–રબારી. બ્રાહ્મણ ને પ્રેત.

રબારી— રામ રામ ગોર બાપા.

બ્રાહ્મણ— રામ રામ ભાઈ રામ રામ.

રબારી— ગોર બાપા આપ ક્યાં જાઓ છો ને શું કરવા જાઓ છો!

બ્રાહ્મણ— મારે એક દીકરી છે તેને કન્યાદાન દેવું છે તેથી ડાંગવ રાજાના નગરમાં યાચના કરવા જાઉં છું.

રબારી— તમે કેટલું ધન કમાશો?

બ્રાહ્મણ— અરે ભાઈ! હું મોટો યોગી કે પરમેશ્વર નથી કે તેની મને ખબર પડે.

રબારી— રે જેટલું ધન કમાવું હોય તેટલું કમાવાની તાકાત તો મારામાં છે ને તમે બ્રાહ્મણ છતાં એટલું એ જાણતા નથી?

બ્રાહ્મણ— ત્યારે તો તું મોટો પરમેશ્વર. પણ કહે તું તે કેવી રીતે જાણે છે?

રબારી— હું પણ હાંગવ રાજાનાજ નગ્રમાં રહું છું. તે ગામની ભાગોળે એક આંબલીનું વૃક્ષ છે તે પર એક જનદેવ. પ્રેત રહે છે. તે ધારેલું કામ સિદ્ધ કરી આપે છે. જેથી તેની માનતા નગ્રમાં સ્ત્રી પુરૂષ ઘણાજ કરે છે. જો તારી ઇચ્છા હોય તો તમારૂં કામ સિદ્ધ કરી આપવા તેને બોલાવું

બ્રાહ્મણ— બહુ સારૂં ભાઇ. તેમ કર.

રબારી— સાંભળો ગોર બાપા! પ્રેતને ભજવા પવિત્રાઇ ન જોઇએ લ્યો આ ચામડું તે તમે ઓઢો ને આ એક હું ઓઢું છું આ થોડાં વડાં તમે લ્યો ને થોડાં હું રાખું છું. જ્યારે પ્રેત આવે ત્યારે તેને આપજો ને તે ખાઇ રહે ત્યારે તેની પાસેથી ઇચ્છીત માગી લેજો.

બ્રાહ્મણ—સારૂં હું તેમ કરીશ.

(રબારી મંત્ર જપે છે કે લાગલોજ એક મોટો પ્રેત આવે છે. તેને જોઇ)

રબારી—જુઓ ગોર બાપા! પેલો જનદેવ આવે છે.

(બ્રાહ્મણ સામું જુએ છે કે પ્રેત એક કારમી ચીસ પાડી પાછો ભાગી કહે છે)

પ્રેત—રબારીને—પેલા તારી સાથે રહેલા બ્રાહ્મણને મોહું ફેરવી ઉભો રહેવા કહે ને પછી તેને કહે કે મારા સામું તે ન જુવે

કેમકે તેના બ્રહ્મ તેજના પ્રતાપથી હું બળી મરૂં છું.
(બ્રાહ્મણ મુખ ફેરવી ઉભો રહે છે.)

રબારી—અરે ! શું તમે આ મારાજના તેજથી બળી મરો છો !
હાય ! ત્યારેતો મારાજ તમારાથી પણ જબરા.

પ્રેત—હા ! બ્રાહ્મણતો પૃથ્વી પરના દેવ છે.

પૃથ્વી વાસી દેવ પ્રત્યક્ષ એ બ્રાહ્મણ કહાવે
અહર્નીશ કરત સેવ. કાળની બીક મટાવે
પ્રભુ ધરે અવતાર, જેની રક્ષાને કાજે
બ્રહ્મણ્ય દેવ પરમેશ, શાસ્ત્રો સર્વે ગાજે
શ્રી રામે સેવ્યા વશિષ્ઠજી, વિશ્વામીત્રાદિ બહુ
કૃષ્ણે સાંદીપની તદા, સુદામા ગતિ શી લહુ !

એવો ઉત્તમ બ્રાહ્મણોનો પ્રભાવ છે, અમો તો મનુષ્યથી પણ હલકા છીએ બ્રાહ્મણો તો મહાન પવિત્ર છે ફક્ત ષટ કર્મ આચરનાર બ્રાહ્મણનું તેજ આટલું છે તો પછી તપ કરી સિદ્ધ થએલ બ્રાહ્મણના પ્રતાપનું વર્ણન કરતાં તો શારદા પણ થાકે.

બ્રાહ્મણ—સ્વગત—અહો માત્ર ષટ કર્મ સેવવાથીજ મારૂં તેજ આટલું છે તો પછી પ્રેતની સહાયતાની શી જરૂર છે? ઇશ્વર મારા હ્રદયમાં પ્રત્યક્ષ છે તો પછી પ્રેતને શા માટે ભજું.

મમ તેજ બળથી તાપ જો પામે એ પ્રેત શાને ભજુ ?
સ્વધર્મ ત્યાગી પતિત થાવા લેશ હું શાને સજુ

માટે ભાઇ રબારી મારે તારા પ્રેતનું કંઇજ કામ નથી. તેને જવા દે.

રબારી—અને મારે પણ જનદેવને ભલા રામ રામ છે. (પ્રેતને) જનદેવ! તમે હવે જાઓ. હવે અમારે તમારો ખપ નથી. કેમકે તમારા કરતાં ગોર મહારાજની સત્તા વિશેષ છે.

પ્રેત— મારા સમાગમથી બ્રહ્મત્વનું મહાત્મય તમોએ જાણ્યું તેથી હું ઘણોજ ખુશી થયો છું.

બ્રાહ્મણ— સ્વગત— રે! આ કોઇ સંસ્કારી પ્રેત લાગે છે માટે તેના થી મારે કંઇક જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ જનદેવ! તમો જરા વાર ઉભા રહો ને હું પુછું તેના જવાબ આપો. પછી જાઓ.

પ્રેત— મહારાજ! આજ્ઞા કરો.

બ્રાહ્મણ— તમે ભાષણ ઉપરથી કોઇ ઉત્તમ સંસ્કારી લાગોછો છતાં પ્રેત ગતિને કેમ પ્રાપ્ત થયા તે કહો.

પ્રેત—
હતો ધનાઢય શેઠ શિવદત્ત નામજ મારૂં
ગોબ્રાહ્મણ પ્રતિપાળ, ધર્મ પર પ્રીતિ ધારૂં
વિદ્વાનોની સદા સેવા પુજા હું કરતો.
સેવક બની હું નિત્ય આજ્ઞા સૌ અનુસરતો
જેમ હતા સદ્‌ગુણ બહુ, હતો દુર્ગુણ તેમ એક
જેહ પ્રતાપે આ દશા, ભોગવું તજી વિવેક
ભોગવું તજી વિવેક, જેમ વિદ્વાનો પ્યારા
અભણ બ્રાહ્મણો તેમ, લાગે બહુ અકારા
ષટ કર્મો ભલે કરે, તો પણ મુર્ખજ જાણું
વેદ વિદ્યા વિણ પર્મ, પુજનીક ઉર નવ આણું
અપમાન તેનું બહુ વખત, કીધું તે પાપે કરી
પ્રેત દશા આ ભોગવું, આપદા સૌ મુજને વરી.

અહો ગુરૂદેવ ! બ્રાહ્મણો માત્ર ગાયત્રી જપ નિરંતર કરે તો પણ મહાન પાપોથી છુટી ઇચ્છીત મેળવવા સમર્થ બને છે તો પછી ષટ કર્મ સાચવનાર તો શું ન કરી શકે !

બ્રાહ્મણ— કહો જનદેવ ! પ્રેત શું જમે ? પ્રેત કોણ થાય ? કોણ પ્રેત ન થાય ? શુદ્ધ બ્રાહ્મણ કોણ ? સતી કોણ ? આ પાંચે પ્રશ્નોનો ઉત્તર આપી જાઓ !

પ્રેત— આ પ્રશ્નો ઘણાજ ગુઢ છે. તેમાં પણ ચોથો પ્રશ્ન શુદ્ધ બ્રાહ્મણ કોણ ? તે મોટા વિદ્વનોને પણ ગોથાં ખવરાવે તેવો છે તો પણ મારી બુધ્ધિ અનુસાર કહીશ.

હવે પ્રેત શુ જમે ? તે તમારા પ્રશ્નનો ઉત્તર પ્રથમ તમને કહું છું.

જમતી વેળા થાય સદા કજીયો જે ઘરમાં
અશુદ્ધ ભૂમી રંધાય, વાળ આવે ભોજનમાં
નહિ સંધ્યા નહિ સ્નાન, નહિ જપને વળી તર્પણ
વૈશ્વ દેવ પણ નહિ, નહિ પકવાન બ્રહ્માર્પણ
જમીયે તે ઘર અમે, વળી વાસ સદા ત્યાં કરીએ
અમ સંગથી પામે નર્ક તેમાં સંશય નહિ જરીએ

હવે પ્રેત કોણ થાય તે તમારા બીજા પ્રશ્નનો ઉત્તર કહુ છું.

નિત્ય કર્મ જે તજે, રાખે સ્વછંદી હેવા
મા બાપ સેવા તજે, નારી વળી પતિપદ સેવા
નીંદે તીર્થ ને સંત, શાસ્ત્ર આગ્ના નવ માને
સાચી વાત જે કહે, તેને સત્રુ સમ જાણે
દુખ પામે તે જન બહુ, પ્રેત યોનીને પામીને
અંતે ખાચે માર, નર્ક પુરી અનુગામીને

હવે પ્રેત કોણ ન થાય ? તે તમારા બીજા પ્રશ્નનો ઉત્તર કહું છું.

સફળ કાર્ય આરંભ કરે, વડીલ ને પુછી
શાસ્ત્ર ગુરૂ આમ્નાય, વિષે પણ રાખે રૂચી
નર વડીલ ને નાર, પતિને તીર્થ જ જાણે
જેને તે નવ હોય, તીર્થ આખુમાં માણે
સ્વપ્ને નવ થાય પ્રેત એ, દૈવી સંપતિ ને વર્યાં
અમર કીર્તિ કરી લોકમાં, અંતે પ્રભુ પદમાં ઠર્યાં

હવે શુદ્ધ બ્રાહ્મણ કોણ ? એ તમારા ચોથા પ્રશ્નનો ઉત્તર કહું છું.

મુખ્ય પિતા બ્રાહ્મણ. ગૌણ તે જ્ઞાતિ માતા
ષોડષસંસ્કાર હોય, વળી શાસ્ત્રોનો જ્ઞાતા.
ષટકર્મો ને કદી પ્રાણ જતાં નવ ચુકે
ભલે પડે બહુ કષ્ટ, અસત્યે કદી નવ ઢુકે
એહ ' ગુણો વસીયા જહાં. બ્રાહ્મણ તેને જાણવો
સંગ સેવવો તેહ, વળી નીજ ગુરૂ પર માણવો

હવે સતિ કોણ ? તે તમારા પાંચમા પ્રશ્નનો ઉત્તર કહું છું.

સતિ કહાવે તેહ, અહર્નિશ પતિમાં રાચે
સતિ કહાવે તેહ, સ્વપ્ને પર નર નવ જાચે
સતિ કહાવે તેહ, કહ્યા વિણુ પતિ ગતિ જાણે
સતિ કહાવે તેહ, પતિ ઇશ્વર પરમાણે.
વળી સતી તેહ જાણજો, પતિ દુખે દુખી થાય છે
આ લોકે પતિમાં રમી, અંતે સાથે જાય છે

બ્રાહ્મણ—અહા ! તમોએ પ્રશ્નોના ઉત્તર તો ઘણાજ સરસ આપ્યા છે
તમારૂં કલ્યાણ થાઓ. હવે તમને રજા છે અમે પણ
જઇએ છીએ. (બ્રાહ્મણ ને રબારી જાય છે.)

પ્રેત—સ્વગત્ અહા ! બ્રહ્મ તેજનો પ્રતાપ કેટલો મોટો છે !

ગાયન ૨૬મું

જનદેવ—

અહા શું બ્રહ્મતેજ ? (૨)
ધન્ય ધન્ય છે ભુદેવોને, પ્રત્યક્ષ પરબ્રહ્મ રૂપ સેવોને
મોક્ષનું દ્વાર એજ—અહા.
આઠ સહસ્ત્ર વર્ષો તપ તપીયો, વિશ્વામિત્ર પ્રભુને જપીયો
તેને તું અનુસરેજ—અહા.
પુર્વ જન્મના પુણ્ય ઉદયથી સંત હરી સેવ્યા મહદયથી
થાયે બ્રાહ્મણ સ્હેજ—અહા.
ધિક્કક જન્મ બ્રાહ્મણનો પામી,
નિત્ય કર્મ ત્યાગી થયો કામી
ખરો ચાંડાલ એજ—અહા.

પ્રેત—

(અચાનક)— અરે આ આર્ત નાદ હું કોનો સાંભળું છું ? ખરેખર કોઇ સ્ત્રી બહુજ દુખમાં આવી પડી હોય તેમ જણાય છે ને તેમને સભારે છે. ચાલ હું ત્યાં જઇ તેને દુખથી મુક્ત કરૂં ને દુષ્ટને દંડ દઉં —(જાય છે)

પ્રવેશ. ૮મો

સ્થળ. દુર્યોધનનું દીવાન ખાનું

પાત્રો— દુર્યોધન, શકુની, કર્ણ, ભીષ્મ, ચારણો પાછળથી ડાંગવ

(એક બાજુથી દુર્યોધન ને શકુની ને બીજી બાજુથી ચારણો પ્રવેશ કરે છે.

ચારણો—છત્રપતી મહારાજાનો જય થાઓ, જય થાઓ.

ગાયન ૨૭મું

આઓ દીર્ઘાયુષી છત્ર પતિ રાજવી (૨)
કરીને પ્યાર, માગીયે સાર, કરીને દ્વાર વાર વાર
જન્મ જન્મનાં સુકૃત્યોથી પુજી કમલાવરને એથી
માગીએ સર્વ અતી સ્નેહથી,
આશીષ આપીએ સત્ય હૃદયથી—આઓ

દુર્યોધન—મામા, ચારણોને યોગ્ય શીર પાવ આપવા બંદોબસ્ત કરી, જલ્દી પાછા આવો. (શકુની બહુ સારૂં કહી ચારણોને સાથે તેડી જાય છે.)

દુર્યોધન—અહા ! મારા કાકાના પુત્રો પાંડવોના પરાક્રમથી સકલ ભુમંડળમાં મહાન ચક્રવર્તિ રાજા તરીકે પ્રખ્યાત થવાનો મારો મન સુબો છેક લય પામ્યો તેમને મારવા મેં ઘણાજ પ્રયત્નો કર્યા પરંતુ સઘળા વ્યર્થ ગયા હાય ! હવે કયો નવો ઉપાય કરૂં કે જેથી તેમનો જલ્દી અંત આવે; આ બાબતમાં; મારા મામા શકુનીની સલાહ લેવી વ્યાજબી છે કેમકે તે પ્રપંચમાં ગોઠો છે. (તેટલામાં શકુની આવે છે.)

શકુની— ભાણા ! આજે તું ઉદાસીન જેવો કેમ જણાય છે ?

દુર્યોધન— મામા—મારી કીર્તિમાં કંટક રૂપ પાંડવોના ઉન્નતિ મારાથી બીલકુલ હવે જોઈ શકાતી નથી. માટે તેમને મારવા કોઈ નવીન યુકિત બનાવો તો સારૂં.

ઉરમાં થાએ તાપ, પાંડવ ચડતી જોઈને
નિદ્રા નાવે રાત, ઉપાય કરો ચિત્ત પ્રોઈને
લાક્ષા ભુવને બાળ્યા, તો પણ એ જીવતા રહ્યા

અન્યો જેરથી ભીમ, ભેદ એમના નવ લહયા
મળી પ્રભુની પક્ષ, યાદવ બળે વળી વાધીઆ
મત્સ્ય વેધ કરી વીર, દ્રૌપદી પરણી લાવીયા
નિશ્ચય મરવું હવે, કેમ શત્રુ ચડતી જોઇ શકું
કોટી કીધે ઉપાય, નમરે ભાસે મને પકું
માટે મામા ! હવે તો જરૂર મારે મરવું પડશે.

શકુની— ભાણા જરા ધીરજ ધર, આમ છેક નાસી પાસ ન થા. થોડા સમયમાં હું એનો એવો ઘાટ તને ઘડી બતાવું કે તેઓ બચેજ નહિ. (તેટલામાં ભીષ્મ ને કર્ણ આવે છે.)

દુર્યોધન— દાદા પધારો.

ભીષ્મ— હા વત્સ દુર્યોધન—

(તેટલામાં ચોપદાર પ્રવેશ કરે છે. તે દુર્યોધનને પ્રણામ કરી)

ચોપદાર— મહારાજા ! બહાર દક્ષિણ દેશનો રાજા ડાંગવ આવેલો છે તે આપને મળવા ચાહે છે જો હુકમ હોય તો અંદર બોલાવી લાવું.

દુર્યોધન— ઘણું સારૂં તેને જલદી બોલાવી લાવ.

(ચોપદાર જાય છે ને ડાંગવને તેડી લાવે છે.)

ડાંગવ— છત્રપતિ નૃપ. આપને હું વંદન કરૂં છું.

દુર્યોધન— સ્વગત—આ મારા ખંડીઆ રાજાને શામાટે નમૂના બતાવું તેથી અકડાઇથી ! કેમ રાજન ! તમારૂં કેમ આવવું થયું !

ડાંગવ— મહારાજા ! સાંભળો.

પચરંગી ઘોડી-એક સુંદર, વનમાં ફરતાં મેં ભાળી.
ક્ષણમાં થઇ તે નારી રૂપે, કારણ રૂપ જોઇ તે બાળી
આશ્રય આપવા વચનજ આપ્યું, તવ પણ માગ્યું મુજ પાસે

કેદ જનાં નવ આપવી જાને, વચન આપીશું કુબ્જાને
કૃષ્ણ તન પ્રદ્યુમન માગે, કહો હવે મારે કેમ કરવું ?
મુજ શક્તિ નહિ યુધ્ધે પહોંચું, શરણું આપો શરણું કરવું

દુર્યોધન— અહો ! એ યાદવોના પતિ કૃષ્ણના શા ભાર છે ! કે તે મને જીતી જાય !

કોણ માત્ર એ કાળો ગોવાળીઓ,
બાળક પાસે જઇ બળ બતાવે
મુજ આજ્ઞા વિના મુજ આશ્રીતને,
શું જોઇ પત્રોથી મિથ્યા સતાવે !
ખબર લઉં આજ મહા સૈન્ય લઇને ચડું.
ઉજડ કરું દ્વારીકા શૂર સાચો
શરણું તને રાખીયો ચિંતા તજને હવે,
છત્રપતિ નૃપ નહિ યુધ્ધે કાચો.

ભીષ્મ— અરે મૂર્ખ ! એ શું બોલ્યો.

બોલ્યો શું વેણ એ કૃષ્ણ નહિ માનવી,
જાણ જગદીશ્વર વિશ્વ સ્વામી
અંતરયામી રૂપે વ્યાપીયો સર્વમાં,
કીર્તિ જેની કોટી લોકે જામી
કાળ રૂપે ગળે કોટી બ્રહ્માંડને,
ક્ષણે ઉત્પન્ન કરીને એ રક્ષે
બ્રહ્મા વિષ્ણુ અને શીવ રૂપે એક છે,
તું છે પતંગ એ સૂર્ય ભક્ષે
મિથ્યા બકવાદને છોડી ન પાડના,
નહિ ગણું શાખ તણું કોણ છે તું

બાણાસુર તણા હાથ કાપ્યા હતા શીઘ્ર ત્યાં,
એ પ્રસંગને વિચારીને જો તું.

માટે જલદી ના પાડ. ના પાડ.

દુર્યોધન — મામા ! હવે કેમ કરવું ? દાદાના બળથી, તો આપણે બળવાન છીએ ને તે ના પાડે છે (કર્ણને-) ભાઈ કર્ણ ! તું શું કહે છે ? કેમકે બીજા તારા બળ પર પણ અમારો આધાર છે.

કર્ણ— દાદા સાચું કહે છે. માટે ના પાડો.

(શકુની એકદમ હર્ષમાં આવી જાય. કર્ણને દુર્યોધનને જરા દુર લઇ જાય.)

શકુની— ભાણા ! તારા શત્રુઓનું બાર બારું કાસળ કાઢવાની એક યુક્તિ મને બહુજ સરસ જડી આવી છે, સાંભળ.

દુર્યોધન— ઝટ કહે.

શકુની— સાંભળ આ રાજાને પાંડવો પાસે મોકલ. ધર્મ સત્યવાદી છે તેથી જરૂર શરણ રાખશે ને તેથી શ્રી કૃષ્ણને પાંડવો વચ્ચે વેર થશે એટલે શ્રી કૃષ્ણ બળદેવજીને હાથે તેમનો જરૂર ક્ષય થઇ જશે. ને તેમ થવાથી તારે પરભારી પીડા ટળી જશે પરંતુ ડાંગવને કહેવું કે તારે આગળથી અભય વચન માગી લેવું ત્યાર બાદ સર્વ વાત જણાવવી.

દુર્યોધન— ને કર્ણ—એક અવાજે: વાહ વાહ મામા તમારી બુદ્ધિની બલીહારી છે બસ હવે તેમજ કરો.

દુર્યોધન—(ડાંગવને પાસે બોલાવીને-) રાજનઃ જોકે મારી ઇચ્છા તમોને શરણે રાખવાની છે પરંતુ ભીષ્મને કર્ણના પાડે છે માટે લાચાર છું તોપણ તમોને એક યુક્તિ બતાવું છું જેથી તમારું

કાર્ય સિદ્ધ થશે. સાંભળો! અહીંથી થોડે દુર ઈંદ્રપ્રસ્થમાં મારા ભાઇ પાંડવો રહે છે, તેઓ સત્યવાદી છે, તેથી તેમને શરણે જાઓ, તેઓ જરૂર તમને શરણે રાખશે પરંતુ યાદ રાખજો કે સર્વે વાત જણાવ્યા પહેલાં અભય વચન માગી લેજો.

ડાંગવ—ખહુ સારૂં મહારાજા—હવે રજા લઉં છું.

દુર્યોધન—ઘણું સારૂં રાજન જાઓ—

ડાંગવ— સ્વગત— હર! હર! આવો મોટો ચક્રવર્તિ રાજા દુર્યોધન વળી પરશુરામના શિષ્ય, ભીષ્મ, કર્ણ જેવા ના પાડે તો બીજાનું શું ગજું.! ખેર જેવી પ્રભુ ઇચ્છા. હવે માત્ર પાંડવો પાસે શરણ મળવાની કંઇક આશા રહે છે. (જાય છે)

દુર્યોધન, કર્ણ શકુની—એક અવાજે.

ખસ હવે બેડો પાર, પાંડવો હરિ હાથે થઇ જવાના ઠાર.

પ્રવેશ નવમો

સ્થળ વન

પાત્રો—પાંડવો, બ્રાહ્મણો, પાછળથી ડાંગવ, છેલ્લે શ્રી કૃષ્ણ અદ્રષ્ય રૂપે.

ભીમસેન—મોટા ભાઇ! દુષ્ટબુદ્ધિ દુર્યોધને આપણને લાક્ષાભુવનમાં બાળ્યા મને વિષ દીધું વળી આપણી બાલ્યાવસ્થામાં પણ અનેક સંકટો દીધાં છતાં પણ તેની તરફ તમોને જરાપણ ક્રોધ ઉત્પન્ન થતો નથી, ને ઉલટા વૈરને બદલે ક્ષમાજ આપતા જાઓ છો તેનું શું કારણ?

યુધિષ્ઠીર— ભાઇ સાંભળ—

ગમે તેનો પણ ભાઇ આપણા એ કહેવાશે.
ઘટે ન કરવું વઇર, કુલક્ષય જેથી થાશે.
મહાપુરૂષનો ધર્મ, ક્ષમા આપે તે સોને
રાખે દીન પર નેહ, ધર્મ વીચારી જોને.
કર્તા હર્તા ત્રીભુવન ધણી, મિથ્યા હું પણ આપણું
જેવાં ઋણાનું બંધ લઇએ તેવું લેણું.

માટે ભાઇ હરેક ઋણાનું બંધે મલે છે. જેને જેવું દીધું તેવું લેવાય છે.

ત્રણે ભાઈ—ભીમસેન ભાઇ; મોટા ભાઇ સત્ય કહે છે, માટે આપણે તેમની આજ્ઞા માફક અનુસરવું જોઇએ.

ભીમસેન—સ્વગત—હાય! મારા મનમાં વઇર લેવાનો પુર્ણ નિશ્ચય થયા કરે છે, કેજો મોટા ભાઈની આજ્ઞા થાય તો તે દુષ્ટ દુર્યોધનને આ ભયંકર ગદા વડે ચુર્ણ કરીનાંખું પણ લાચાર મોટા ભાઇની મર્યાદા મારાથી તોડી શકાતી નથી. તેમ બીજા ભાઇઓ પણ મારા કહેવા માફક મળતા નથી તો મોટા ભાઇને સમજાવેજ કયાંથી ખેર! (યુધિષ્ઠીરને) વારૂ ભાઇ: જેમ તમને યોગ્ય લાગે તેમ કરવા મારે પરાણે કબુલ થવું પડે છે.

યુધિષ્ઠીર—ભાઇ તું સાહસીક છે માટે નાહાક વઇરના વીચારો કરતો નહિં.

(તેટલામાં ત્યાંથી બ્રણ બ્રાહ્મણો નીકળે છે. તે જોઇને)

પાંડવો—જય જુહેવો: આપને વંદન કરીએ છીએ.

બ્રાહ્મણો—તમારૂં કલ્યાણ થાઓ: (પરીચીત જણાયાથી) સ્વગત—રે આતો સાક્ષાત પાંડવો જણાય છે, જોકે બ્રાહ્મણો ક્ષત્રીઓને નમતા નથી પરંતુ— (ધર્મ તરફ ફરી ફરી) —આ પાંચેમાં જે મોટા છે તેનો સાક્ષાત ધર્મના અવતાર છે માટે નમતા સ્તુતી કરવી જોઇએ. (તેથી ધર્મને પ્રણામે) તમો તો સાક્ષાત ધર્મ છો ક્ષત્રી તો માત્ર પરોપકારને માટે દેહ ધર્યો છે, માટેજ કહેવાઓ છો. માટે તમોને અમો વંદન કરીએ છીએ.

ગાયન ૨૮મું

બ્રાહ્મણો—

ધર્મ પ્રતાપી કીર્તિ વ્યાપી સકળ વિશ્વમાં
અદ્વૈત રૂપ નરહરિનું વર્ણ્યું વેદમાં— ધર્મ.
મોક્ષ માર્ગની જે સીડી શાસ્ત્રોએ કહી
મોટા મોટા મુનિઓએ ગતિ નવ લહી—ધર્મ.
મર્યાદા પ્રાણી માત્રની તે તુજ થકી બંધાય છે
પાપ ને પુન્ય ફળોની ઉત્પત્તિ જેથી થાય છે
નીજ નીજ કર્મોએ કરી જીવો સમુહ ભમી રહ્યો
ભલે હોયઇંદ્ર કે અગ્નિ પણ મહા કાળે તેનો કર ગ્રહ્યો—ધર્મ.

યુધિષ્ટીર—અહો ભુદેવો, હું તમારી સ્તુતીથી બહુજ પ્રસન્ન થયો છું માટે માગો.

બ્રાહ્મણો—મહારાજ ! અમોને સંસારીક વસ્તુ પર બીલકુલ પ્રીતી નથી પરંતુ માત્ર એટલુંજ માગીએ છીએ કે તમારા પર ને પ્રભુ શ્રી કૃષ્ણ પર અમોને જન્મો જન્મ અવિચલ પ્રીતિ રહે.

યુધિષ્ટીર—તથાસ્તુ ભુદેવો તમારામાં આવી વઈરાગીક વૃત્તિ હોય તેમાં કંઈજ નવાઇ નથી.

(બ્રાહ્મણો જાય છે તેટલામાં ડાંગવ આવે છે તે પાંડવોને જોઇને)

ડાંગવ—સ્વગત—રે જેને સહાય માટે પ્રાર્થવા આવ્યો છું તે પાંડુનંદનો અહીંજ ઉભેલા જણાય છે, ચાલ હું તેમને મળી મારા દુખનું નીવેદન કરી સહાય માટે પ્રાર્થના કરૂં.—(તુરતજ પ્રત્યક્ષ થઇ) પ્રતાપી પાંડવો હું આપને વંદનકરૂં છું.

યુધિષ્ટીર—નમસ્કાર રાજન ! તમો અહીં અચાનક વનમાં કેમ આવી ચડ્યા છો ?

ડાંગવ—કૃપાળુ ! મારા પર મહા દુખ આવી પડવાથી હું આપને શરણ આવ્યો છું કૃપા કરી જો આપ શર્ણ આપવા વચન આપો તો મારા દુખનું નીવેદનકરૂં.

ભીમસેન—શું પાંડવો શરણાર્થીને શરણ આપવું એ પરમ ધર્મને જાણતા નથી કે તું પણ લેવાનું મિથ્યા વચન માગે છે !

યુધિષ્ટીર— ભાઇ ભીમસેન. તે બાબતની કાંઇ ફીકર નહિ. તે જો વચન માગે છે તો પણ શું થયું— રાજન.

એક જગદીશ વિના, સર્વ સાથ યુદ્ધ કરૂં
મરૂં કે મારૂં છોડી દીલ માંહી ડર છેક
ભલે આવે ઇંદ્ર અગ્નિ તો પણ હીંમત ધરૂં
ભાઇયો સાથે રણે ઝુઝું એવી રાખું સત્ય ટેક
પરવા નથી રાજ્યની, ધન અને દારા તણી
એક ધર્મ ધારી રહ્યો મુજ સત્ય એ વિવેક

મારે ભાઈઓ—રાજના તું નક્કી સમજજે કે પ્રાણ જતાં
લગી આ પાંડવો શત્રુને પીઠ બતાવે એવા નથી. માટે વિશ્વાસ રાખ.
સાંગવ—સ્વગત—હવે વચન લીધું છે માટે ફીકર નહિં. મહારાજા

પચરંગી ઘોડી એક સુંદર, વનમાં ફરતાં મેં ભાળી
ક્ષણમાં થઈ તે નારી રૂપે, કારણ રૂપ જોઈ તે ભાળી.
આશ્રય આપવા વચનજ આપ્યું, તવ પણ માગ્યું મુજ પાસે
દેહ જતાં નવ આપશી હાને, વચન આપીયું ઉલ્લાસે.
કૃષ્ણ બન પ્રદ્યુમન માગે, કહો હવે મારે કેમ કરવું
મુજ શક્તિ નહિ યુધે પહોંચું, શર્ણ આપો શરણે ફરવું.

યુધિષ્ટીર—(પ્રભુનું નામ સાંભળી નીસાસો મુકી.)

પ્રથમ કહયું રાજન તુજને, નહિ વૈર પ્રભુ સાથે કર
ધર્મનું ફલ એજ માટે, સત્ય પ્રભુને અનુસર
જેને મળવા યોગીઓ, વન જપ તપ કરતા બહુ
તે પૂર્ણ પ્રભુ શ્રી કૃષ્ણ મળીયા, વૈરભાવ શાને અહુ!

સાંગવ—ભલે હોય હરી ઇશ, કૃષ્ણ એ પણ શી ચિંતા

ધર્મવિવશ છે હરિ, ધર્મ પાળે વશ થાતા.
ક્ષત્રીયનો છે ધર્મ, શરણાર્થી આપવું શરણ
નામ તમારૂં ધર્મ, કીર્તિ લોકે શી વરણું !

યુધિષ્ટીર—નહિ મૃત્યુની બીક, કાળ સાથે યુદ્ધ માંડું

અવર કહે કોણ માત્ર, ક્ષણમાં જીતી નસાડું.
હાય હાય હરિ સાથ, કેમ થાય યુદ્ધની વાતો
વ્હાલા એ વ્રજલાલ, હૃદયમાં પ્રેમની ગાંઠો.

(તુરતજ મુર્છા ખાઇ ભુમી પર પડે છે.)

ભીમસેન—ક્યાંથી આવ્યો રાય, કાળ જમ મુજને લાગે
ધર્મ કીધે જાય આડ, રખે પ્રભુ પ્રેમને ત્યાગે.

(તુરત મુર્છા ખાઇ પડે છે.)

અર્જુન—વિકુલ વિશ્વાધાર, પ્રેમ જેનો બહુ મુજમાં
કેમ હઉં જુદા નામ, બાંધી રહ્યો જે ભુજમાં—(મુર્છા ખાઇ પડે છે.)

નીકુલ—અંતરયામી રૂપ, હ્રદયમાં ભરપૂર ભરીયો
પ્રત્યક્ષ પામ્યો હાય, મુખે હું બોલ કરીશ શો!-(મુર્છા ખાઇ પડે છે.)

સહદેવ—પ્રેમ તણો સાગર ભર્યો, મુજ હ્રદયમાં પ્રભુ
કેમ ઝેર રૂપ ઘેરને, જયા મહે જુગદીશ.—(મુર્છા ખાઇ પડે છે.)

ડાંગવ—સ્વગત—અરે આનો સર્વ ધર્મ સંકટથી કંઇ પણ રસ્તો
નહિ સુજતાં બેભાન થઇ પડી ગયા છે. (તેથી મોટેથી—)અરે
કોઇ શરણુ નહિ રાખો?
પાંચેના મુખમાંથી—ના—ના—ના—ના—ના.

ડાંગવ—આ સાંભળી નીરાશ થઇ—કપાળે હાથ મુકી—સ્વગત—હાય—!
ખોટો રૂપીયો જેમ, સર્વ જગે પાછો ફરે
પ્રભુ વિરોધી તેમ, શાંતિ સુખમાં નવ ઠરે.
અરે મનુષ્યમા જે ધીર હતા તેમણે તો હવે ના પાડી દીધી
હવે કોનું શરણુ લઉં માત્ર દેવતાઓને પ્રાર્થું; ચાલ નગર બહાર
જઇ નદી કાંઠે દેવતાઓની પ્રાર્થના કરું જો તેઓ પણ ન
રાખે તો બળી મરું (ડાંગવ જાય છે તેટલામાં ભકતો પર સંકટ
પડેલું જોઇ. શ્રી કૃષ્ણ પ્રગટ થાય છે.)

શ્રી કૃષ્ણ—સ્વગત—અહા! મારા પ્રેમથી પરવશ બનેલા પાંડવોની
જો હું વ્હાર નહિ કરું તો જરૂર પ્રાણ ત્યાગ કરશે. અહા!
શું તેમનો મારા પર નીઃસીમ પ્રેમ. જે પ્રેમને યોગે તેમનાથી

વૈરની વાત બીલકુલ નહિ સહન થવાથી ને બીજી બાજુથી ધર્મ સંકટ આવેલુ જોઇ બેભાન થઇ પડયા છે. માટે તેમની રક્ષા કરૂં,

ધન્ય ધન્ય ને ભકત, પ્રેમથી મુજને ચાહે
અહર્નીશ કરતો સેવ, પાપને કદી ન સાહે
જુવે સર્વમાં મને, મુજમાં વિશ્વને પેખે
મારૂં તારૂં તજી, આ પદ સર્વ ઉવેખે
દાસ બની રહું તેહનો, વળી રક્ષા નીશદીન કરૂં
આઠે પ્રહર પ્રસન્ન થઇ, તેની પાછળ હું ફરૂં.

અરે હવે કયો ઉપાય કરૂં બીજી બાજુથી પ્યારા ભક્ત દુર્વાસાનું વચન સત્ય કરી ઉર્વશીનો મોક્ષ પણ મારે કરવો જોઇએ ને તે કાર્ય કરવા માટે પ્યારા પાંડવો સાથે યુદ્ધમાં જોડાયા વગર છુટકોજ નથી. કેમકે ભીમસેન અર્ધ વજ્ર અંગી છે, ને તે બીજુ વજ્ર જે શીવ ત્રીશુલ, તે પણ ભાગી શકે નહિ. માટે તેમની સહાય વગર પણ આ કાર્ય કેમ બને? વળી ડાંગવને પણ ના પાડી છે. તથા તે દેવતાઓની સહાય માગવા ગયો છે. જેઓ તરફથી પણ સહાય નહિ મળતાં છેલે બળી મરવા. તત્પર થશે. માટે ત્યાંજ બળી. મરતાં પહેલાં મારા ભાણેજ અભિમન્યુદ્વારા. તે રાજાને શરણ અપાવું એટલે પાંડવો આ કાર્ય મારી ઇચ્છાથીજ બનેલું હશે. એમ ધારી યુદ્ધમાં પ્રવર્તશે. ને જો તેમ નહિ થાય તો હું તેમના વિશે તેટલી વખત પ્રેમનું આકર્ષણ કરનારી મારી માયાને મુકીશ હા એજ ઉપાય ઠીક છે. (તુરતજ પાંડવોને અમીદ્રષ્ટિથી નિહાળતાંજ તેઓ સર્વ સચેત થાય છે ને કૃષ્ણ કૃષ્ણ

મુખેથી ઝંખે છે તેઓને જાગેલા જોઇ શ્રી કૃષ્ણ અદ્રશ્ય થાય છે પાંડવો રાજાને નહિ જોતા)

યુધિષ્ઠિર—ભાઇયો રાજા ચાલ્યો ગયો જણાય છે. ઠીક જેવી ઇશ્વર ઇચ્છા હવે સાંજ પડવા આવી છે માટે ચાલો નગ્ર તરફ—

પ્રવેશ ૧૦મો

સ્થળ— નદી કીનારો ચિતાનો દેખાવ—

પાત્રો— ડાંગવ ઇંદ્ર શેષ શીવ. પાછળથી અભિમન્યુ સુભદ્રા દાસી ને પાંડવો.

ડાંગવ—સ્વગત—પ્રથમ ક્યા દેવને સંભારૂં (જરા વાર રહી.) હા ઇંદ્ર એ દેવતાઓનો ઇશ છે માટે તેને સંભારૂં છું હે મઘવાપતિ! હે દેવેશ. હે ત્રીલોકીનાથ! જો મેં યજ્ઞના હવીદ્વારા તને નીરંતર સંતોષ્યો હોય તો તું મને આ સંકટ સમયે પ્રત્યક્ષ થઇ સહાય કર. (તુરતજ ઇંદ્ર પ્રગટ થાય છે.)

ઇંદ્ર— રાજન—તારા દુઃખનું કારણ હું જાણું છું પરંતુ સાંભળ.

મુજ યજ્ઞનો કીધો લોપ, સાત વર્ષની ઉમરે
ગોવર્ધન પર્વત ધર્યો, સામો થતાં જીત હરે
મુજથી થાય ન કાંઇ, શેષ નાગ સમર્થ છે
તેની માગ સહાય, સમજું પરિશ્રમ વ્યર્થ છે

(ઇંદ્ર જાય છે.)

ડાંગવ— અરે દેવતાઓ પણ મને પ્રતિકુળ, હોય તેમ લાગે છે. ચાલ શેષ ભગવાનનું ધ્યાન ધરૂં. હે ભગવાન શેષ! આપ મહાન સમર્થ ને સાક્ષાત ઇશ્વર છો વળી તમો હજારો ફણા પર

આ હું મંડળને ધારી રહ્યા છો છતાં પણ તમોને તેનો કંઇ પણ ભાર જણાતો નથી એવા સમર્થ પ્રભુ આપ મારા પર સંકટ આવેલું જોઇ જલદી વ્હારે ચડો. જો હું ધર્મ ત્યજવા કરતાં મૃત્યુને વિશેષ ઉત્તમ ગણતો હોઉં તો જલદી પ્રત્યક્ષ થાઓ. (શેષ પ્રગટ થાય છે.)

શેષ—રાજન ! તારી વિપત્તિ હું જાણું છું પરંતુ સાંભળ !

જેની આજ્ઞા માનીને, ધરૂં ધરા મુજ ફેણ
પર્યંક કહાવું તેહનો સુવે પ્રભુ સુખ દેણ
તો યુદ્ધ શી રીતે કરૂં શીવજી શરણુ માગ
ત્રાહિ ત્રાહિ કરજોડીને અભય વચન જઇ માગ

(શેષ જાય છે)

હંસલ—હવે ચાલ જીવ એટલે શીવ ભગવાનને પણ બોલાવી જોઉં હે ભોળાનાથ ભગવાન શીવ જો મૃત્યુથી ધર્મ મને વિશેષ પ્રીય હોય તો જલ્દી પ્રત્યક્ષ થઇ મ્હારી વ્હાર કરો (તુરતજ શંકર પ્રકટે છે)

શંકર—રાજન ! તારી વિપત્તિનુ. સઘળુ કારણ હું જાણું છું પણ સાંભળ

મુજ ભક્તના હસ્ત કાપીયા પોતે શ્રી પરમેશ
પાસે હતો હું તે વેળા, મુજથી થયું ન લેશ
મુજથી થયું ન લેશ, જવ મેં નાખ્યો ચરણે
અભય કરી આપ્યો, તવ તે છુટયો મરણે
બચવા ઇચ્છા હોય. શરણુ જા લઇને ઘોડી
પ્રીને ચરણુ લાગ, પ્રભુ ભેટશે દોડી (શંકર જાય છે)

હંસલ—હા દેવ ! હવે બળી મર્યા સિવાય બીજો ઉપાય નથી. તેટલામાં અભિમન્યુ આવે છે.

અભિમન્યુ—રે આ માણસ આતી શું કહે છે! તેની મને કંઇ પણ ખબર પડતી નથી. માટે આઘ દુર ઉભો રહી સાંભળું. કે તે શું બોલે છે.

ગાયન રેક્તું.

ડાંગવ—

અહા દૈવ ગતિ ક્ષત્રી વિનાની પૃથ્વી થઇ નિરધારરે
મારૂં પણ લીધેલું જાય ખચીત હવે બળી મરૂંરે
એમ ડાંગવ કહે છેજી.
પરશુરામના શિષ્ય કહાવે કર્ણ અને ગાંગેવરે
હીંમત તેઓ હારી ગયા એમ ડાંગવ કહે છેજી.
પ્રભુ સખા વળી પાંડવ કહાવે વશ જેને ગીરધારીજી
મારી આશ્વાસન કાંઇન કીધી એમ ડાંગવ કહે છેજી.
આથી અધીક પૃથ્વીના રાજા અવરથકી શું થાયરે
સુરપતિ શેષને શંકર પ્રાર્થ્યા એમ ડાંગવ કહે છેજી.
ત્રણ દેવોએ નાપાડી મુજને કોનું માગું હવે શર્ણરે
ચિતા ખડકી બળી મરૂં છું એમ ડાંગવ કહે છેજી.

અભિમન્યુ—(એકદમ પગ પછાડી—શૂરમો આવી જઇ) રે આ માણસ શું બડબડે છે? શું દુનીઆમાં હું છતાં ક્ષત્રીઓનો વંશ ગયો છે (જરાવાર રહી) તેના ઉદગાર પરથી તે બળવાન શત્રુથી દબાઇ ધર્મ સંકટને યોગે બળી મરવા તૈયાર થયો હોય તેમ જણાય છે કેમકે તેણે મારા પિતા વિગેરેની પાસે જઇ શરણ માગેલું છે. જે તેમણે આપેલ નથી. દેવોએ પણ શરણે રાખેલ નથી. પણ રે જે કાંઇથી ન થાય

તે કાર્ય કરવા હું સમર્થ છું બાલ ! જીવ ! તેને તેના દુઃખ-
નું કારણ પુછી શરણે રાખું.

(રાજા પાસે પુછવા જાયછે તેટલામાં સુભદ્રા પણ તેની સખી-
